ડિસેમ્બર-૨૦૨૫

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

The last three years have been eventful for the SBIPA.A large number of initiatives have been successfuly undertaken, aimed at enhancing the well-being of our members. Through regular, constructive, and cordial dialogue with the Circle Management Team at LHO, as well as with the Zonal and Regional Office leadership, the SBIPA worked tirelessly to address issues, streamline processes, and ensure that the concerns of pensioners are heard and acted upon.

The present Team of SBIPA will complete its triennial term in February 2026. To mark this significant milestone, it is proposed to organise a Pensioners' Meet in collaboration with the Circle Management Team of SBI. This special gathering will not only celebrate our journey so far but also reaffirm our shared commitment to the welfare and dignity of every pensioner of the State Bank family.

Parallelly, we have strengthened our outreach through IT-enabled initiatives, utilising social media platforms and digital communication channels to remain connected with our members. The overwhelming and warm response received from pensioners across the Circle has been the greatest encouragement for the team and a clear reminder of the collective spirit that binds us together.

At a time when rapid changes are unfolding across the BFSI sector, it becomes even more essential that we stay informed, stay engaged, and above all, stay united. **Unity is our greatest strength—whether in placing our concerns before the management, in supporting each other through life's transitions, or in preserving the legacy and values of the organisation we have served with pride.**

The proposed Pensioners' Meet will be hosted at Baroda on 11th January 2026. This will be the first Pensioners' Meet outside Ahmedabad in the history of SBIPA. The meeting will be graced by the entire team of the Circle Management,who have committed to the betterment of the welfare of the members of the SBIPA. On our part, organisationally, we have committed to help garnering of business for the Bank using our network.

We warmly appeal to all our members to mark the occasion, keep themselves in readiness, and participate in large numbers. Your presence will not only grace the event but will also reaffirm the solidarity and collective voice of the SBIPA family.

Let us come together—united, informed, and inspired—as we celebrate our past achievements and move forward confidently.

We also take this opportunity to wish our members and their family a very happy 2026. May we all be blessed with good health – physical, mental and financial too!

**- Kamal Kadri-Editor**

પ્રિય મિત્રો,

છેલ્લા ત્રણ વર્ષ આપણા પેન્શનર્સ એસોસિયેશન માટે સફળતા ભરેલા રહ્યા છે. આપણા સભ્યોની સુખાકારી વધારવાના હેતુથી મોટી સંખ્યામાં પહેલ કરવામાં આવી છે. બેંકના મુખ્ય કાર્યાલય ખાતે સર્કલ મેનેજમેન્ટ ટીમ તેમજ ઝોનલ/પ્રાદેશિક કાર્યાલયના નેતૃત્વ સાથે નિયમિત, રચનાત્મક અને સૌહાર્દપૂર્ણ વાતચીત દ્વારા, એસબીઆઈપીએએ સમસ્યાઓના ઉકેલ માટે પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને પેન્શનરોની સમસ્યા સાંભળવામાં આવે અને તેના પર કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે આપણા તમામ હોદ્દેદારો કર્મઠભાવે મહેનત કરી રહ્યાં છે.

એસબીઆઈપીએની વર્તમાન ટીમ ફેબ્રુઆરી-૨૦૨૬માં તેનો ત્રિવાર્ષિક કાર્યકાળ પૂર્ણ કરશે. આ મહત્વપૂર્ણ સીમાચિન્હને ચિન્હિત કરવા માટે, એસબીઆઈની સર્કલ મેનેજમેન્ટ ટીમ સાથે મળીને "પેન્શનર્સ મીટ"નું આયોજન કરવાનો પ્રસ્તાવ છે. આ ખાસ "મિલન" ફક્ત આપણી અત્યાર સુધીની સફરની ઉજવણી જ નહીં પરંતુ સ્ટેટ બેંક પરિવારના દરેક પેન્શનરના કલ્યાણ અને ગૌરવ પ્રત્યેની આપણી સહિયારી પ્રતિબદ્ધતાને પણ પુનઃપુષ્ટ અને વધુ સુદૃઢ કરશે.

આ જ રીતે, અમે આપણા સભ્યો સાથે જોડાયેલા રહેવા માટે સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ અને ડીજીટલ કોમ્યુનિકેશનનો ઉપયોગ કરીને, આઈટીની સક્ષમ પહેલ દ્વારા પરસ્પરના સંપર્કને મજબૂત કરીએ છીએ. સર્કલના પેન્શનરો તરફથી મળેલો જબરદસ્ત અને ઉષ્માભર્યો પ્રતિસાદ ટીમ માટે સૌથી મોટું પ્રેરકબળ અને પ્રોત્સાહક રહ્યો છે અને આપણા સહુંને એક સાથે બાંધતી સામૂહિક ભાવનાની સ્પષ્ટ યાદ અપાવે છે.

એવા સમયે જ્યારે બીએફએસઆઈ ક્ષેત્રમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે ત્યારે આપણે સજાગ રહેવું અને સૌથી પહેલા એકતા રાખવી એ વધુ જરૂરી બની જાય છે. **એકતા એ આપણી સૌથી મોટી તાકાત છે - પછી ભલે તે મેનેજમેન્ટ સમક્ષ આપણી ચિંતાઓ રજુ કરવામાં હોય, જીવનના પરિવર્તનોમાં એકબીજાને ટેકો આપવામાં હોય, અથવા આપણે જે સંસ્થામાં ગર્વથી સેવા આપી છે. તેના વારસા અને મૂલ્યને જાળવવા માટે હોય.**

અગાઉના પેરેગ્રાફમાં જણાવ્યાં મુજબ ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડોદરા ખાતે આપણા સંગઠનની વાર્ષિક સાધારણ સભા અને નિવૃત્ત મિત્રોનો મિલન સમારોહ યોજાશે. એસબીઆઈપીએના ઈતિહાસમાં અમદાવાદની બહાર પહેલી પેન્શનરોની મીટ હશે. આ મિટીંગમાં સર્કલ મેનેજમેન્ટની આખી ટીમ હાજર રહેશે, જેમણે એસબીઆઈપીએના સભ્યોના કલ્યાણ માટે વખતોવખત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આપણે પણ આપણા તરફથી, સંગઠનાત્મક રીતે, આપણાં સંબંધો (નેટવર્ક)નો ઉપયોગ કરીને બેંક માટે વ્યવસાય એકત્ર કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ જ.

અમે, બધા સભ્યોને આ પ્રસંગની ઉજવણી કરવા, તૈયાર રહેવા અને મોટી સંખ્યમાં ભાગ લેવા માટે હાર્દિક અપીલ કરીએ છીએ. તમારી હાજરી ફક્ત કાર્યક્રમની શોભા વધારશે જ નહીં પરંતુ એસબીઆઈપીએ પરિવારની એકતા અને સામૂહિક અવાજને પણ પુનઃસબળ અને સુદૃઢ કરશે. ચાલો આપણે સાથે મળી-એક થઈને, જાણકાર બનીને અને પ્રેરિત થઈને - આપણી મેળવેલી સિદ્ધિઓની ઉજવણી કરીએ અને આત્મવિશ્વાસથી આગળ વધીએ.

અમે, આ તકનો લાભ લઈને આપણા સભ્યો અને તેમના પરિવારને ૨૦૨૬ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ છીએ. આપણે બધાં સારા સ્વાસ્થ્ય, શારીરિક, માનસિક અને નાણાંકીય રીતે પણ સૌને આશીર્વાદ મળે!

શુભમ્ ભવતું !

**કમાલ કાદરી-સંપાદક**

વર્ષ-૧૮ ● અંક : ૧૨
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

# STATE BANK OF INDIA
## PENSIONERS' ASSOCIATION
## GANDHINAGAR CIRCLE

# INVITATION

## SBI PENSIONERS' MEET
### Annual General Body Meeting

**On Sunday 11th January, 2026**

**Sona Party Plot, Nr SBI Samta Char Rasta Branch, Laxmipura Road, Vadodara -390021**

| | | |
|---|---|---|
| Chief Guest | : | **Shri Balaji Kumar Singhsamanta**<br>Chief General Manager<br>State Bank of India - Gandhinagar Circle |
| Key Note Address | : | **Shri G D Nadaf**<br>General Secretary – Federation of SBIPAs |
| Special Invitee | : | **Shri N. Radhakrishnan**<br>President - Fedration of SBIPAs<br>**Shri Chandra Sekhar V**<br>General Manager - Netwark I - State Bank of India - Gandhinagar Circle<br>**Shri Atul Rathi**<br>General Manager - Network II - State Bank of India - Gandhinagar Circle<br>**Shri Anil Kumar Ahirwal**<br>General Mnanager - Network III - State Bank of India - Gandhinagar Circle<br>**Shri Vikram Jha**<br>DGM & Circle Development Officer - State Bank of India - Gandhinagar Circle |
| Guest of Honour | : | **Com Ranjan Karan**<br>General Secretary - SBIOA - Gandhinagar Circle<br>**Com. Nitesh Parmar**<br>General Secretary - SBIEU - Gandhinagar Circle<br>**Com. Piyush Vyas**<br>General Secretary - SEWA - Gandhinagar Circle<br>**Com Niral Vaishanav**<br>General Secretary - SBIOBCEWA - Gandhinagar Circle |

have kindly consented to remain present in Pensioners' Meet of Gandhinagar Circle

Annual General Meeting will Commence at 02.30 p.m. as per Agenda

| **Kamal Kadri** | **Team** | **R. N. Choksi** |
|---|---|---|
| General Secretary | SBIPA | President |

| | | |
|---|---|---|
| 8.00 a.m. to 10.00 a.m. | : | Registration & Break fast |
| 9.00 a.m. to 10.30 a.m. | : | Musical Programme by well known Funkar Group, Vadodara |
| 10.30 a.m. to 1.30 p.m | : | Pensioners' Meet |
| 1.30 p.m. to 2.30 p.m. | : | Lunch |
| 02.30 p.m. onward | : | AGM of SBI Pensioners Association - Gandhinagar Circle |

## STATE BANK OF INDIA PENSIONERS' ASSOCIATION, GANDHINAGAR CIRCLE
## STATE BANK BUILDING, 3rd FLOOR, AMBAWADI, AHMEDABAD

# NOTICE FOR THE ANNUAL GENERAL MEETING

The Executive Committee of State Bank of India Pensioners' Association (Gandhinagar Circle) has decided to hold its Annual General Body Meeting on **11th January 2026 Sunday, at 2.30 p.m**. at Sona Party Plot, Laxmipura Road, Beside C. K. Prajapati School, Panchvati, Gorwa, Vadodara-390016.

## AGENDA

1 Prayer and Lighting of Lamp

2 To pray and pay homages to the departed souls of Pensioners and Family Pensioners who left for heavenly abode since the last AGM held on 22/03/2025

4. Welcome Address by the President of SBIPA.

5. To read and confirm the minutes of the Annual General Meeting held on 22/03/2025.

6. Presentation of General Secretary Report.

7. Approval of the Audited Financial Statements of the Association for the year ended 2024-25

8. Appointment of auditor for the year 2026-27 and fixing their remuneration..

9. Proposed amendments in the constitution of the Association.

11. Anything with the permission of the Chair.

12. Vote of Thanks

**Kamal Kadri - General Secretary** | **R. N. Choksi - President**

**: Note :**

1) In absence of quorum, the meeting will be adjourned for half an hour and the adjourned meeting will be held on the same day, same place and the business on the Agenda of the meeting will be transacted irrespective of quorum.

2) Proposed amendments to SBIPA constitution are available at the Registered Office, 3rd Floor, State Bank of India, Administrative Office, Ambawadi, Ahmedabad for all our members during office hours.

   Members desirous of proposing to make amendments to constitution may send his/her amendment/s in required format on or before closing of registered office on 3rd January 2026 by Registered Post.

Please inform all the members of SBIPA known to you to make our Anuual General Meeting a Grand Event.

**• The timings of meeting are as under •**

| | | |
|---|---|---|
| 08.00 a.m. to 10.00 a.m. | : | **Registration and Morning Breakfast.** |
| 09.00 a.m. to 11.00 a.m. | : | **Musical Program** |
| 11.00 a.m. to 01.30 p.m. | : | **Pensioners Meet** |
| 01.30 p.m. to 02.30 p.m. | : | **Lunch & commencement of the Annual General Meeting** |


Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
Medical Value TRAVEL Award by FICCI
30 YEARS OF EXPERTISE
NABH ACCREDITED
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI
PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Free Dental Consultation &
OPG Dental Scan for all SBI Pensioners
Latest Technologies Available
1 1st time in Gujarat OPG with CBCT T2 Machine (Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow, Behind Navrangpura Post Office, Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
In-house ALIGNERS Available
SHELA : B/304, Sky City Arcade, O7 Club Road, Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
For more details call on +91 98251 58578

## SBI PENSIONERS' ASSOCIATION, AHMEDABAD

## Minutes of the Annual General Body Meeting held on 22nd March 2025

The Annual General Body Meeting of the SBI Pensioners' Association (SBIPA), Ahmedabad was convened at 2.30 PM on 22nd March 2025 at Pandit Deendayal Upadhyay Hall, Ahmedabad.

This had to be adjourned due to inadequate quorum and reconvened at 3.00 pm. Agenda wise discussions then took place.

**Agenda- 1:** Prayer

Shri Kantibhai Parmar offered a prayer.

**Agenda- 2:** To condole the death of pensioners, family pensioners and associate members who left for their heavenly

abode since the last AGM held on 24-06-2023.

**Resolution:** All members present observed 2 minutes' silence and prayed for eternal peace of the departed souls and for giving strength to their family members to bear the loss.

**Agenda- 3:** Welcome Address by the President

Resolution: At the outset, learned Shri H.U. Pandya from Bhavnagar raised a point of order regarding non-circulation of Agenda and General Secretary's reports. The President regretted the delay in circulation of the same, which were then made available to all the pensioners immediately. Subsequently, with the permission of the august gathering, the President began his address.

President Shri R N Choksi warmly welcomed all the office bearers and entire committee as well as all the members present at the venue as well as those watching the proceedings of the meeting online on FB and YouTube.

The President commended the enthusiasm of the pensioners in the pensioners' meeting held in the morning and their

contribution by being present in large numbers, creating a unique record. He welcomed the addition of new pensioners in the association, who are more digitally savvy, and said that he was sure they will be of great help to those pensioners who are not as tech-savvy. He congratulated the SBIPA team for being aware, and alert and playing an important role in assisting the pensioners in various ways. The President emphasized that the AGM was not just a formality but was a means to give a picture of the SBIPA's activities. He said that since the General Secretary had already presented all the details in his speech, he would be presenting the remaining issues in his speech. He endorsed the SBIPA's spirit of "Sauno Saath, Sauno Vikas" and pointed out that working together is the strength of the Association, and noted that such meeting help in recharging the batteries of the office-bearers.

He agreed that the issues of e-SBS have not been resolved but assured the pensioners that the path to resolve them is getting clearer. He informed the attendees that in the Structured Meeting held on March 10, 2025, all the issues of associate banks were also discussed. He informed that a presentation has been made for the two issues of e-SBS was confident that positive improvement can be soon expected in the issues.

Addressing the issue about having a dispensary at every RBO level, the President informed that the management has shown a positive response in the matter. Regarding the issue of non-availability of medicines in the dispensary, he informed that Corporate Center have been made aware of it and the situation would change shortly.

In the matter of disabled children, the President informed that the managements is in agreement with the views of the SBIPA.

The President expressed happiness at the fact that the SBIPA has got an office at every district level. He also informed that progress has been made in resolving the issues of the seventh by- poll.

He appreciated the proactive actions taken by the PPG and HR department, who respond to the smallest issues related to the pensioners which are presented to them by the SBIPA.

The President also brought to attention the successful interventions of the SBIPA in restructuring in the cases of punishment.

Concluding his address, the President congratulated all those present for the success of the Pensioners' Meet and expressed his gratitude to each and every pensioner for supporting and working with the SBIPA in all its endeavours.

**Agenda- 4:** To confirm the Minutes of the last Annual General Body Meeting held on 24/06/2023.

**Resolution:** The Minutes of AGM held on 24/06/2023 were read by EC Membber Shri R. Krishnamurthy. The same were adopted unanimously after due deliberation.

**Agenda 5:** Presentation of General Secretary's report

**Resolution:** Shri Kamal Kadri, General Secretary of SBI Pensioners Association, Ahmedabad presented the report narrating/elaborating the activities carried out, follow up of the various pending issues of the SBIPA along with the developments at the bank and industry level. He mainly narrated the following points:

a. At the outset, Shri Kadri prayed for eternal peace of the departed souls of the pensioners who had passed away in the last year, and for strength to their family members to bear the loss.

b. He requested all the pensioners to bring to the notice of SBIPA, case if any, where improper amount has been deducted from medical bill / insurance claim. He assured to take up the matter with all concerned to bring justice for the pensioners.

c. In case of disabled child, he informed that approval has been received in many cases. He said that in many of the pending cases there were possibilities positive results. He also informed about the discussion that had taken place with the Civil Surgeon to resolve the pending cases.

d. Stagnation Increment : Shri Kadri informed that many pending cases had been successfully resolved. Despite the lack of data in many cases, the SBIPA has been able to resolve the issues with tireless efforts and with the support of the circle management.

e. He assured the gathering that every effort is being made to reach "Pensioners Prakash" to every member and informed that 12400+ issues were being dispatched on the 26th of every month.

f. He also assured to resolve the pending issues of e-SBS pensioners. He informed that a committee has been formed at Federation level to understand the issues and to get them resolved.

g. Shri Kadri informed that the General Secretary's report had been published in Pensioners' Prakash. Since the hard copy of GS Report was distributed amongst the members and also soft copy of the same was provided to all the members in advance, the report, after deliberation, was adopted unanimously.

h. 100% DA Neutralization : As per the Mou dated 28-07-2023 signed with IFBU with the approval of the Government, all pensioners and family pensioners before November-2002 got the benefit of 100% DA Neutralization.

i. Ex-gratia and increase in pension from 40% to50% : With the active efforts of the Federation, and with the approval of SBI Corporate Centre and the Government, all pensioners got a monthly payment in the form of ex-gratia and an increase of up to 50% pension in the officer cadre, (for those who were getting 40% pension). A beneficial achievement for the pensioners.

j. Efforts to reform pensions : Shri Kadri also informed that the Pension ABREA team met Shri R. Krishnan (MP), Member of Parliament Standing Committee on Finance on 07-05-2023 and submitted a memorandum of pension updation addressed to the Finance Minister. He hoped that all these efforts would help in resolving the pending issues soon.

The General Secretary’s report was unanimously accepted and taken on record.

**Agenda- 6:** Approval of the audited financial Statements of the Association for the year end 2023-24.

**Resolution:** Treasurer Shri Ravi Solanki presented Audited Financial Statements of accounts for the year 2023-24, which were adopted unanimously, after deliberation and explanation of queries from the members.

**Agenda-7:** Appointment of the Auditors for the year 2025-26 and fixing their remuneration.

Resolution: M/s. Nautam R Vakil & Co., Chartered Accountants firm were appointed as the Auditors for the year 2025-26 and the remuneration of Rs. 21,010/-+ 10% increase p.a. has been fixed. The resolution was adopted unanimously.

**Agenda- 8:** Resolution to be adopted for long pending issues such as updation of pension with each Bipartite Settlement, Improvement in Commutation Scheme, Issues related to UR Life, Issues related to erstwhile e-SBS pensioners (continuation of Shradhanjali Scheme & Improvement of ceiling in REMBS), extending fraternal support to UFBU’s ongoing agitation and whole hearted support at all centres etc.

**Resolution:** It was resolved that SBIPA would take up these issues at the appropriate level and submit representation.

Felicitation:

With the permission of the Chair following 5 service providers and one Donor were felicitated for their excellent and incomparable service for making the day’s event a grand success.

a) Shri Pranav Mehta : Print Vision for all excellent quality printing delivered in the shortest possible time.

b) Shri Rakeshbhai : A B Links for decoration, banners, videography, LED, sound system etc.

c) Shri Tej Shah : Sudarshan Techno Labs for developing Digital App for SBIPA and for live streaming of the function on Facebook and YouTube.

d) Shri Ganeshbhai Solanki : Caterers for providing excellent quality of breakfast and lunch to 2000+ gathering without a single complaint.

e) Shri Gaurang Rawal of Tri Star Marketing Consultancy Services, who was honored with a memento and shawl.for organizing a presentation by dentists and knee replacement surgeons for the benefit of the pensioners,

f) Shri Rajendrabhai Juwariwala and his wife Smt. Devyaniben Juwariwala, valuable members of the SBI pensioners’ family, have been performing countless social service activities after retirement. They also donated Rs.51,000/- to the SBIPA. In appreciation of their noble deeds, SBIPA President Shri R. N. Choksi, General Secretary Shri Kamal Kadri and other office bearers honoured both of them with shawls and mementos.

**Agenda- 9:** Vote of thanks

**Resolution:** Shri R. N. Choksi, President, concluded the meeting by delivering the vote of thanks, expressing his gratitude to all the agencies, volunteers, friends, and all the pensioners present at the Annual General Meeting and for making it a grand success.


અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
CERTIFIED
DR.TEJAS GANDHI
M.S. Ortho (Goldmedalist)
Senior Joint Replacement Surgeon
PIONEER IN M.I.C.R.O KNEE SURGERY
Fellowship: SGH Hospital,Singapore
Oxford University,U.K.
(૧૫૦૦૦ થી પણ વધુ ઘૂંટણ તથા
થાપાના ઑપરેશનનો બહોળો અનુભવ)
(સબવાસ્ટસ એપ્રોચ જેમા સ્નાયુ કાપ્યા
વગર ઓપરેશન કરવામાં આવે.)
AI Based Surgeon
Control Robotic
System
ROBOTIC JOINT
REPLACEMENT
SBI, ESBI PENSIONER'S
and SPOUSE માટે સંપૂર્ણ
કેશલેસ સુવિધા ઉપલબ્ધ છે.
SBI, ESBI Pensioner's માટે
Online Authentic Orthopedic
Counseling Center
SBI Orthopedic Counseling
Number: +91 76240 49344
ફ્રિ Consultation
ફ્રિ X-Ray
વધુ માહિતી માટે સંપર્ક કરો
અમીત પટેલ (82381 36190 / 75729 36190)
for
Knee Pain & Hip Pain
ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હીરો શોરૂમની ઉપર, શ્રેયસ ફલાય ઓવરબ્રિજની નીચે,
માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ(૩૮૦૦૧૫)

**એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ગાંધીનગર સર્કલની તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ વડોદરા ખાતે વાર્ષિક સાધારણ સભા**

## જનરલ સેક્રેટરીનો રિપોર્ટ

આપ સૌને આજની આ વાર્ષિક સાધારણ સભામાં આવકારતાં હૃદયની ઉર્મિઓથી ગદ્‌ગદિત થયો છું. આપ સર્વે વિશાળ સંખ્યામાં હાજર રહ્યા છો એનો અત્યંત આનંદ છે અને આજની આ મિટીંગમાં આપ સર્વે સકારાત્મક રીતે ભાગ લેશો એવી આશા રાખું છું. શરૂઆતમાં બેંક પેન્શનર્સ મીટના આયોજનમાં સર્કલ મેનેજમેન્ટના પદાધિકારીઓ હાજર રહીને આપણા પ્રત્યે જે હકારાત્મક સદ્‌ભાવના બતાવી છે તે ખરેખર પ્રસંશનીય છે અને એમનો આ તકે હું આભાર માનું છું.

**શ્રદ્ધાંજલિ :**

વિતેલા સમયગાળા દરમિયાન આપણે ઈ-એસબીએસના અને એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના ભૂ.પૂ. જનરલ સેક્રેટરી શ્રી કારાભાઈ લાલજીભાઈ સિયાણી અને એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્ર એમ. ગોરે અને ઘણાં બધા પેન્શનર મિત્રોને ગુમાવ્યા. તે બધાના આત્માની ચિરશાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવીએ છીએ. વધુમાં....

**અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને એસબીઆઈપીએ પરિવારની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અમદાવાદમાં બનેલ અવિસ્મણીય વિમાન દુર્ઘટનાએ ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વને હચમચાવી દીધું છે.**

ગુજરાત માટે ૧૨મી જૂનનો દિવસ ભયાવહ સ્વપ્ન સમાન બની ગયો. અમદાવાદ એરપોર્ટથી લંડન જવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયાની માત્ર ૫૦ સેકંડમાં જ પ્લેન ક્રેસની થયાની દુર્ઘટના બની. પ્લેન ક્રેસની ઘટનામાં ૨૬૮ જેટલા નિર્દોષ મુસાફરો, ડોક્ટરો સહીત અનેક લોકોના કરૂણ મોત નિપજ્યા. આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીનો પણ જીવનદીપ બુઝાયો. પ્લેન ક્રેસની ઘટના બાદ સ્થિતિને સાચવવા માટે સરકાર, પોલિસ તંત્ર, કોર્પોરેશનના હોદ્દેદારો એરપોર્ટ ઓથોરીટી, મેડીકલ સ્ટાફ, અન્ય સંસ્થાઓએ અને આજુબાજુના લોકોએ જે રીતે સકારાત્મક ભૂમિકા ભજવી છે તેમની કામગીરીને બિરદાવવી રહી. આ ઘટનાની સૌથી કપરી અને દુઃખદ ક્ષણોમાં અમે સૌ મૃતકોના સ્વજનોની પડખે છીએ. તમામ મૃતકોના સ્વજનો પ્રત્યે SBIPA પરિવાર શોક, સંવેદના અને શ્રદ્ધાંસુમન સાથે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ અને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. ઓમ શાંતિ...

**સંસ્થાકીય :**

આપણી પેન્શનર્સ એસોસીએશન સંસ્થાનો તા. ૨૨-૦૩-૨૦૨૫ સુધીનો જનરલ સેક્રેટરી રિપોર્ટ અમદાવાદની મિટીંગમાં આપની સમક્ષ રજૂ કરેલ છે. આજની મિટીંગમાં અત્યાર સુધીનો જનરલ સેક્રેટરી રિપોર્ટ આપની સમક્ષ રજૂ કરૂં છું. આપ સૌએ પરિવારના સદસ્યો સાથે મળી વિક્રમ સંવત ૨૦૮૧ના પુરા થતાં પ્રકાશના પર્વ એવા દિવાળીની તેમજ વિક્રમ સંવત ૨૦૮૨ના નવા વર્ષની તથા ઈ.સ. ૨૦૨૬ના નવા વર્ષની ઉજવણી હર્ષોલ્લાસ, પ્રેમ અને પરસ્પરની લાગણીથી ઉજવી હશે. આવો, આપણે સૌ સાથે મળી આપણાં એસોસિયેશનને નવી ઉંચાઈઓ ઉપર લઈ જવા કટિબદ્ધ થઈને નવા વર્ષે જૂની મિત્રતાને પુનઃ પ્રગટાવી નવ પલ્લવિત કરી નવા સંબંધો રચીએ. ફરી એકવાર આપ સૌને નૂતન વર્ષાભિનંદન. અમદાવાદ ખાતે નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત વડોદરા, ભાવનગર, રાજકોટ, સુરત, ગાંધીનગર વિગેરેમાં પણ મંથલી મિટીંગનું આયોજન કરવમાં આવે છે.

**સ્ટ્રક્ચર મિટીંગ**

**રાજકોટ** : એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન રાજકોટ મોડ્યુલની સ્ટ્રક્ચર મિટીંગ તા. ૨૫-૦૩-૨૦૨૫ના રાજકોટ ખાતે ડીજીએમ શ્રી આશુતોષ શર્માના અધ્યક્ષ સ્થાને યોજાઈ. સાથે એજીએમ (એચઆર)ની સાથે દરેક આરબીઓના એજીએમ, એચ.આર. મેનેજર ઓનલાઈન ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન અમદાવાદ સર્કલના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી રમણ વાઘેલા ઉપરાંત રાજકોટના ડીજીએસ શરદભાઈ દવે તથા શ્રી શિરીષભાઈ કચ્છી, દક્ષિણભાઈ જોશી, પુરૂષોત્તમભાઈ મંગલપરા, જીતુભાઈ ગણાત્રા, કચ્છના પ્રકાશભાઈ શાહ, ઉપરાંત અનુપમભાઈ દોશી, કમલેશભાઈ પંડ્યા અને ધીરેનભાઈ માંકડ ઉપસ્થિત રહ્યાં હતા. આ મિટીંગમાં એસબીઆઈપીએ તરફથી ઓફિસમાં વધુ સગવડતા આપવા, ટીપીએ, મેડીશીન, પેન્ડીંગ રહેલા મેડીકલ બીલો, દરેક આરબીઓમાં ડિસ્પેન્સરી, સમાધાન પખવાડામાં રજુ થયેલ પ્રશ્નો પર સત્વરે યોગ્ય કરવા, સમયાંતરે પેન્શનર્સ મીટ યોજવા સહિત અગત્યના પ્રશ્નોની રજુઆત કરવામાં આવી. જેનો સ્વીકાર કરી યોગ્ય કરવા માટે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં શ્રી આશુતોષ શર્મા સાહેબે ખાત્રી આપી. સીએમ (એચઆર)નો રોલ ખૂબ કઠિન હોવા સાથે પેન્શનરો માટે લાયેઝન ઓફિસર તરીકે વધુ મદદરૂપ થવા માટે વિનંતી કરી જેને સમર્થન આપવામાં આવ્યું. એસબીઆઈપીએ દ્વારા મોડ્યુલને વધારે ઉન્નતિના પંથે લઈ જવા હકારાત્મક વિચારસરણી સાથે દરેક જગ્યા સહભાગી બનવાની ખાત્રી આપી. આમ સુંદર સુમેળભર્યા વાતાવરણ વચ્ચે મિટીંગ સંપન્ન થઈ.

**ગાંધીનગર :** એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન ગાંધીનગર મોડ્યુલની સ્ટ્રક્ચર મિટીંગ તા. ૧૯-૦૯-૨૦૨૫ના ગાંધીનગર ખાતે ડીજીએમ શ્રી દેબેન્દ્ર શાહુના અધ્યક્ષ સ્થાને યોજાઈ. તેમની સાથે સીએમ (એચઆર) શ્રી પાંડે અને રિજિયન-૧ના મેનેજર (એચ.આર.) શ્રીમતી સવિતાબેન શુક્લ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલ તરફથી પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતક પટેલ, ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર તથા કમિટી સદસ્ય સર્વશ્રી શૈલેષભાઈ જોષી, મધુભાઈ સોલંકી, જગદીશ ખમાર અને સુકનરાજ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ખાસ જોગાનુજોગ જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીનો જન્મ દિવસ હોઈ ડીજીએમ શ્રી દેવેન્દ્ર શાહુ સાહેબની સાથે ઉપસ્થિત સૌએ શ્રી કમાલભાઈને પુષ્પગુચ્છ આપીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી અગણિત શુભકામનાઓ પાઠવી હતી. આમ ખૂબ જ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સ્ટ્રક્ચર મિટીંગ સંપન્ન થઈ હતી.

### ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતિની ઉજવણી :

**અમદાવાદ :** દર વર્ષે ૧૪મી એપ્રિલ ભારતભરમાં "ભારતરત્ન્", "બંધારણના ઘડવૈયા", ડો. બાબા સાહેબ આંબેડકરજીની જન્મજયંતિ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪-૦૪-૨૦૨૫ને સોમવારના રોજ સારંગપુર સર્કલ, અમદાવાદ ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી "રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવેલ. આ રક્તદાન શિબિર દરમિયાન કુલ ૨૮ વ્યક્તિઓને રક્તદાન કરી આ સેવા યજ્ઞમાં સહભાગી થયેલ. ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ડો. બાબાસાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી.

**રાજકોટ :** "ભારતરત્ન" ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી તા. ૧૪-૦૪-૨૦૨૫ના રોજ હોસ્પિટલ ચોક, રાજકોટ ખાતે એસબીઆઈપીએના સભ્યોએ ખૂબ જ હર્ષ અને આનંદ સાથે પુષ્પગુચ્છ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી.

### રક્તદાન શિબિર :

સ્ટેટ બેંકના પરિવાર-આણંદ દ્વારા સતત સાત વર્ષથી માર્ચ-એપ્રિલ મહિનામાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. તેમાં સ્ટેટ બેંકના કર્મચારી, પેન્શનર્સ પરિવારજનો દ્વારા આ સેવા યજ્ઞમાં ૪૩ યુનિટ રક્તદાન કરેલ. આ સેવા યજ્ઞમાં સંસ્થાના મંત્રી, પ્રમુખ, પ્રોગ્રામ ચેરમેન, એસબીઆઈપીએના કમિટી સદસ્ય શ્રી વિજયભાઈ માવાણી તેમજ સેવાભાવી કારોબારી સભ્યોના સહયોગથી રક્તદાન શિબિરને સફળતા સાંપડી.

### એસબીઆઈપીએ-રાજકોટ યુનિટ દ્વારા લેબર ડેની ઉજવણી કરવામાં આવી :

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-રાજકોટ યુનિટ દ્વારા ૧લી મે આંતરરાષ્ટ્રીય લેબર ડે નિમિત્તે પાંચ દાયકાથી વધુ સમયથી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિમાં કાર્યરત શહેરના બે પીઠ વરિષ્ઠ ટ્રેડ યુનિયન લીડર ગુજરાત બેંક વર્કસ યુનિયનના જનરલ સેક્રેટરી કોમરેડ શ્રી કિરીટભાઈ અંતાણી અને સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘના અગ્રણી શ્રી દિલીપભાઈ ઠાકરના નિવાસ સ્થાને જઈને એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના નિવૃત્ત અગ્રણી શ્રી મનુભાઈ કનેરીયા, એસબીઆઈપીએના ડીજીએસ શ્રી શરદભાઈ દવે, શ્રી અનુપમભાઈ દોશી, સ્ટેટ બેંકના નિવૃત્ત એજીએમ શ્રી બિપીનભાઈ સંઘવી અને શ્રી ધીરેનભાઈ માંકડના હસ્તે લાગણીસભર અભિવાદન કરવામાં આવેલ.

### ઓપરેશન સિંદૂરની સફળતાને સલામ...આતંકીઓનો કચ્ચરઘાણ...ભારતીય સેનાની અપૂર્વ સિદ્ધિ... રાષ્ટ્રીય ગૌરવની સાર્થક ક્ષણ...

પાકિસ્તાન સમર્થીત આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં તા. ૨૨મી, એપ્રિલ-૨૦૨૫ છવ્વીસ પર્યટકોની હત્યા કરતાં આખા દેશમાં ભારે આક્રોશ હતો અને પાકિસ્તાનને ખતમ કરીને બદલો લેવાની લોકોમાં માંગ ઊઠી હતી. દેશવાસીઓની માંગણી પૂરી કરતાં ભારતીય સૈન્યએ પાકિસ્તાનની સરહદ ઓળંગ્યા વિના જે તા. ૬-૦૫-૨૦૨૫ને મંગળવારે રાત્રે ૧.૦૦ કલાકે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને POKમાં આતંકવાદીઓની ટેરર ફેક્ટરી એવા લશ્કર-એ-તોઈબા અને જૈસ-એ-મોહમ્મદના નવ ઠેકાણે માત્ર ૨૫ જ મિનિટમાં ૨૪ મિશાઈલ હુમલાઓ કરીને ૯૦ થી વધુ આતંકીઓને ઠાર કરી દીધા હતા. આમ ભારતીય સૈન્યએ પાકિસ્તાનમાં ત્રાસવાદી અડ્ડાઓનો સફાયો કરીને વિશ્વને પોતાની તાકાતના દર્શન કરાવ્યા. પહેલગામના આતંકી હુમલામાં વિરગતિ પામેલાઓને સાચી શ્રદ્ધાંજલિ આપી.

### ગુજરાતનું ગૌરવ બન્યુ રાષ્ટ્રનું ગૌરવ : લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી

ભારતના 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત સૈન્યની કાર્યવાહીમાં મહત્વની ભૂમિકા ભજવનાર વડોદરાની લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી તરફ આખા દેશનું ધ્યાન ખેંચાયું. તેમના પરિવારનું રાષ્ટ્રહિત હૈયે વસેલું છે. તેમના પિતાના શબ્દો હતા કે, આપણે હિંદુ-મુસ્લિમ કરતાં ભારતીય પહેલાં છીએ એ યાદ રાખવું જોઈએ. મૂળે મધ્યપ્રદેશના ખજૂરાહોના અને વડોદરામાં કાયમી સ્થાયી થયેલા શ્રી તાજમોમ્મદ કુરેશીની પુત્રી કર્નલ સોફિયાએ M.S. યુનિવર્સિટીમાં M.Sc. કર્યા બાદ ભારતીય સેનામાં જોડાયા. તેઓ હાલમાં સેનાની સિગ્નલ કોપ્સમાં ફરજ બજાવી રહ્યાં છે. આ તબક્કે ગુજરાતની દિકરી લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશીને તેમના બહાદુરી પૂર્વક અને હિંમતપૂર્વકના કાર્ય 'ઓપરેશન સિંદૂર' સફળતા માટે સપ્તરંગી સલામ પાઠવીએ છીએ.

### ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની મિટીંગ દેશના તમામ સર્કલોના મહામંત્રીઓ સાથે કલક્તા ખાતે યોજાઈ

સૌ પ્રથમ વાર તા. ૦૬-૦૫-૨૦૨૫ને મંગળવારના રોજ ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની દેશના તમામ સર્કલોના મહામંત્રીઓની સાથે SBLD, સોલ્ટ લેક, કલકત્તા ખાતે યોજાઈ. આ મિટીંગ ફેડરેશનના પ્રેસીડેન્ટ શ્રી જી. કે. ગાંધી, જનરલ સેક્રેટરી શ્રી દિપક બાસુની અધ્યક્ષતામાં યોજાઈ. આપણા સર્કલના જનરલ સેક્રેટરી અને ફેડરેશનના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ શ્રી કમાલ કાદરી મિટીંગમાં ઉપરસ્થિત રહ્યાં હતા. વધુમાં ફેડરેશનના બાયલોઝ (બંધારણ) સુધારા જે દિલ્હી ખાતે પેન્ડીંગ છે તે તાત્કાલિક દુરસ્ત કરાવવા તથા વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ બંધારણમાં યોગ્ય ફેરફારો માટે વિચારણા કરવામાં આવેલ અને બંધારણમાં કરેલ સુધારા તાત્કાલિક દિલ્હી ખાતે રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ મિટીંગમાં થયેલ ચર્ચામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી.

### પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ

**ગાંધીનગર :** એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ **તા. ૨૨-૦૬-૨૦૨૫**ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ટ્રેનીંગ સેન્ટર, ગાંધીનગર ખાતે વિવિધ એજન્ડા મુજબ યોજાઈ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએનના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી

દ્વારા તમામ હોદ્દેદારો અને કમિટી મેમ્બરો તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરીને એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરવા માટે તેમજ મિટીંગના સંચાલન માટે જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમારને જણાવ્યું હતું. જનરલ સેક્રેટરી દ્વારા ફેડરેશન લેવલે તથા સર્કલ લેવલે થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી અને પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી. આ સાથે જનરલ સેક્રેટરીએ રિપોર્ટ રજૂ કરીને બહાલી મેળવી.

**વડોદરા :** એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી સમિતિની મિટીંગ સંસ્કારીનગરી, વડોદરાના આંગણે તા. ૧૬-૧૧-૨૦૨૫ના રોજ એસબીઆઇ ટ્રેનિંગ સેન્ટર, વડોદરાના એજીએમશ્રીના સહયોગથી એસબીએલડીના હોલમાં વિવિધ એજન્ડા મુજબ યોજાઈ. આ મિટીંગના દિવસે જોગાનુજોગ આપણાં સૌના પ્યારા પ્રમુખશ્રી આર. એન. ચોક્સીનો જન્મદિવસ હોઈ એની ખાસ ઉજવણી કરવામાં આવી. સૌ કોઈની ઉપસ્થિતિમાં કેક કાપી, અગણિત શુભકામનાઓની વર્ષાઓથી ભીંજવીને ઉજવણી કરવામાં આવી. પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ એમના જન્મદિવસની ઉજવણી બાબતે સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો. ત્યારબાદ તેમણે તમામ હોદ્દેદારો અને કમિટી મેમ્બરો તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરીને એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરવા માટે તેમજ મિટીંગના સંચાલન માટે જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમારને જણાવ્યું હતું. જનરલ સેક્રેટરી દ્વારા ફેડરેશન લેવલે તથા સર્કલ લેવલે થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી અને પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી. આ સાથે જનરલ સેક્રેટરીએ રિપોર્ટ રજૂ કરીને બહાલી મેળવી.

### ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ એસબીઆઈપીએના ૩૮મા સ્થાપના દિવસની ઉજવણી :

આપણાં ભવ્ય અને ભાતીગળ, એસબીઆઇ પેન્શનર્સ એસોશિયેશન ગાંધીનગર સર્કલના સ્થાપના દિવસ નિમિત્તે થેલેસેમિયા ગ્રસ્ત બાળકોના બ્લડ ટ્રાન્સફ્યુજન, SBIPAની વેબસાઇટનો શુભારંભ તથા ફેડરેશનમાં વાઇસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયેલા આપણા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી નો સન્માન સમારોહ જેવા મહત્ત્વના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

સૌ પ્રથમ અમદાવાદ રેડક્રોસ સોસાયટી, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચ, નવરંગપુરા ખાતે સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ૧૦૦ થેલેસેમિયાગ્રસ્ત બાળકોના બ્લડ ટ્રાન્સફ્યુજન માટે સેવા યજ્ઞમાં આપણા ૧૮૦૦૦થી વધુ પેન્શનર્સ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે અનુદાનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. અમદાવાદ રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી અમિત દોશી, સેક્રેટરી શ્રી વિશ્વાસ અમીન દ્વારા કાર્યક્રમનું આયોજન કરેલ. એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીના આમંત્રણને માન આપી SBIPAના દાતા શ્રી મહેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે એસબીઆઇ-ગાંધીનગર સર્કલના સીડીઓશ્રી વિક્રમ ઝાએ સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવી હતી અને થેલેસેમિયા પિડિત બાળકોના બ્લડ ટ્રાન્સફ્યુજનના કાર્ય માટે એસબીઆઇપીએના સેવા કાર્યની પ્રશંસા કરી હતી. તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પ્રસંગોચિત્ત સંબોધન કર્યુ હતું. એસબીઆઈપીએ દ્વારા રૂા. ૭૫,૦૦૦/- ડોનેશનનો ચેક સીડીઓશ્રી વિક્રમ ઝાના હસ્તે અમદાવાદ રેડક્રોસના ચેરમેન/સેક્રેટરીશ્રીને સુપ્રત કર્યો હતો.

### એસબીઆઈપીએની વેબ-સાઈટનો શુભારંભ

SBIPA ટીમના સંકલ્પપત્ર મુજબ SBIPA પરિવારના સભ્યોને અદ્યતન અને અતિઉપયોગી માહિતી સરળતાથી મળી રહે તે માટે SBIPA ની વેબસાઇટ બનાવવામાં આવેલ. જે વેબસાઇટનું નામ sbipaahm.comનો શુભારંભ કરવા SBIPAની ઓફિસ ખાતે SBI -ગાંધીનગર સર્કલના સીડીઓ શ્રી વિક્રમ ઝા, એજીએમ-પીપીજી શ્રી સુબ્રતો રંજનદાસ, SBI ઓફિસર્સ એસોસિયેશનના પ્રમુખ શ્રી ચેતન રાઠોડ, જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, SBI એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ, એસબીઆઇ ઓબીસી વેલ્ફેર ઓર્ગેનાઇઝેશનના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ તથા SBIPAના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીની ઉપસ્થિતિમાં સીડીઓશ્રી વિક્રમ ઝા ના હસ્તે વેબસાઇટનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. વધુમાં ફેડરેશન ઓફ એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભા તા. ૨૪-૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાયપુર ખાતે યોજાઈ. તેમાં થયેલ ચૂંટણીમાં આપણા લાડીલા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી સૌથી વધુ મતો સાથે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવેલ આજના સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમમાં તેમના જ્વલંત વિજયને ઉત્સવના રૂપમાં મનાવેલ અને તેમને સન્માનિત કરેલ. આ પ્રસંગની જીવંત ક્ષણોને પોતાની યાદોની ગઠરીમાં સામેલ કરી હતી. આમ એસબીઆઈપીએના ૩૮માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

### ભાવનગર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયો

સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર નિવૃત્ત પરિવાર-ભાવનગર દ્વારા તા. ૦૮-૦૯-૨૦૨૫ થી તા. ૧૪-૦૯-૨૦૨૫ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું. શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાના વક્તા આચાર્ય શ્રી ઋષિલભાઈ પાઠકની મધુર વાણીથી એસબીએસ પરિવારના પરિવારજનો પ્રભાવિત થયા સાથે ભાગવત ભગવાનની અસીમકૃપા મેળવી ધન્ય થયા. એસબીએસ નિવૃત્ત પરિવારના આમંત્રણને સ્વીકારી એસબીઆઇ પેન્શનર્સ એસોશિયેશન-ગાંધીનગર સર્કલના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી પી.જી. પારઘી વડોદરાના કમિટી સદસ્ય સર્વશ્રી વિનય મજમુદાર, નિલકંઠ વ્યાસ, નરેન્દ્ર શાહ અને ગાંધીનગર સર્કલની ટીમની શુભકામનાઓ સાથે છેલ્લા દિવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં હાજર રહી પ્રભુની આરાધના કરવાનો લ્હાવો માણ્યો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈ પ્રભુમય બની એસબીએસ નિવૃત્ત પરિવારની વિશાળ ટીમ સાથે ખાસ એસબીઆઈપીએ-ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી ભરત ભટ્ટ અને તેમની ટીમની સુંદર કામગીરીથી કાર્યક્રમે જ્વલંત સફળતા મેળવી.

**વ્યક્તિગત હાઉસિંગ લોન યોજના (IHLS) ની સંપૂર્ણ સુરક્ષા માટે ગ્રુપ લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી :**

બેંક દ્વારા તા. ૦૧-૧૦-૨૦૧૪ના રોજ અથવા કે પછી મંજુર કરવામાં આવેલ વ્યક્તિગત હાઉસિંગ લોનના ખાતાઓમાં બાકી રકમને સંપૂર્ણ સુરક્ષિત કરવા એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી ગ્રુપ ટર્મ પોલિસી મેળવી છે. એસબીઆઈના કર્મચારી/નિવૃત્ત કર્મચારીઓની તમામ વ્યક્તિગત હાઉસિંગ લોન કે જે તા. ૦૧-૧૦-૨૦૨૪ પહેલાં મંજુર કરવામાં આવેલ તે તમામનું વીમા કવરેજ પાછળથી તા. ૦૧-૦૭-૨૦૧૯થી લંબાવવામાં આવ્યું હતું. આમ, ગ્રુપ ટર્મ પોલિસી બેંકની વ્યક્તિગત લોન યોજના હેઠળ કર્મચારીઓ/નિવૃત્ત કર્મચારીઓના તમામ હોમ લોન ખાતાઓમાં બાકી રકમને આવરી લે છે. આ બાબતમાં પેન્શનર્સ એસોસિયેશનના તમામ હોદ્દેદારો દ્વારા પેન્શનર્સના મૃત્યુ સમયે પરિવારના સભ્યોને યોગ્ય જાણકારી આપી ઘટતી કાર્યવાહીમાં મદદ કરવી.

**વડોદરા તથા અમદાવાદ ખાતે ગરબાના ભવ્ય કાર્યક્રમ યોજાયા :**

એસબીઆઈ પેન્શનર્સ એસોશિયેશન-વડોદરા યુનિટ દ્વારા તા. ૮-૧૦-૨૦૨૫ને બુધવારના રોજ વડોદરા ખાતે ‘શરદોત્સવ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તદ્ઉપરાંત અમદાવાદ ખાતે તા. ૧૦-૧૦-૨૦૨૫ના રોજ પ્રથમવાર ભવ્ય રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેને અદ્‌ભૂત સફળતા સાંપડી.

**ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનની ગવર્નિંગ બોડી અને વાર્ષિક સાધારણ સભા તા. ૨૪-૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાયપુર (છત્તીસગઢ) ખાતે યોજાઈ :**

ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનની ગવર્નિંગ બોડી અને વાર્ષિક સાધારણ સભા તા. ૨૪-૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ છત્તીસગઢ રાજ્યની રાજધાની રાયપુર ખાતે યોજાઈ ગઈ. આપણાં ગાંધીનગર સર્કલના એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, સંગઠન મંત્રી શ્રી કે. વી. શાહ, ફેડરેશનની ગવર્નીંગ બોડી અને વાર્ષિક સાધારણ સભામાં રાયપુર ખાતે હાજર રહેલા. તા. ૨૪-૦૮-૨૦૨૫ના રોજ ફેડરેશનની ગવર્નીંગ બોડીની મિટીંગમાં પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ બધી જ એસોસિયેટ બેન્કોના પેન્શનરોના પ્રશ્નોના નિરાકરણ માટે એક નાનકડી સમિતિનું ગઠન કરવામાં આવે અને બધી જ એસોસિએટ બેન્કોના જે પ્રશ્નો છે તેનો અભ્યાસ કરી તેનો નિકાલ કરવા માટે ફેડરેશનને રજુઆત કરેલ. ફેડરેશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે મંચસ્થ આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ જણાવ્યું કે ફેડરેશન દ્વારા ચર્ચામાં મુકાયેલ મુદ્દાઓ વિશે તેમણે વિસ્તૃત છણાવટ કરી અને યુવા, અનુભવી નેતાઓ ફેડરેશનમાં આવે. ઉપરાંત દરેક સર્કલના પ્રેસિડેન્ટ અને જનરલ સેક્રેટરી ફેડરેશનમાં પ્રતિનિધિત્વ મળે તે માટે પ્રસ્તાવ રજૂ કર્યો. સાથે આપણા સર્કલના અગત્યના પ્રશ્નો જેવા કે ડિસ્પેન્સરી, એપોલો ફાર્મસીના પ્રશ્નો, ડિસેબલ્ડ ચાઈલ્ડ તથા એસબીએસના પ્રશ્નો જેવા કે મેડિકલ, REMBS, પી.એફ. મેડીકલની લિમિટ વધારવા માટે રજુઆત કરી. ભારતભરના તમામ સર્કલોમાં ફેડરેશન તરફથી ચર્ચામાં રજૂ કરેલ મુદ્દાઓ માટે આપણું સર્કલ મોખરે રહ્યું છે. ઉપસ્થિત તમામ સર્કલોના હોદ્દેદારોની મીટ આપણાં સર્કલ પર મંડાયેલી હતી. તા. ૨૫-૦૮-૨૦૨૫ના રોજ ફેડરેશનના હોદ્દેદારોની મુદત પુરી થતાં નવા હોદ્દેદારોની વરણી માટે યુવા નેતાઓની પસંદગી માટે સૌનો આગ્રહ હતો. ભૂતકાળમાં ઓફિસર્સ ફેડરેશન લેવલે તેમજ એવોર્ડ સ્ટાફ ફેડરેશન લેવલે અને યુએફબીયુમાં મહત્વના હોદ્દાઓ પર રહેનાર અને સુંદર કામગીરી કરનાર નેતાઓ ઉપસ્થિત હોઈ તેમનો અનુભવ અને તેમની કામગીરીનો લાભ ફેડરેશનને મળે તે માટે આપણા સર્કલ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા. હોદ્દેદારોની યોજાયેલ ચૂંટણીમાં પરિણામ પણ એ પ્રમાણે જ આવ્યું. ફેડરેશનના પ્રેસિડેન્ટ તરીકે યુવા નેતા શ્રી એન. રાધાક્રિષ્નન તથા જનરલ સેક્રેટરી તરીકે કસાયેલા નેતા શ્રી જી. ડી. નડાફ ચૂંટાઈ આવ્યા. આ જીતમાં આપણાં જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરીનો સિંહ ફાળો રહ્યો. વાઈસ પ્રેસિડેન્ટના હોદ્દામાં આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી સૌથી વધુ મતોથી ચૂંટાઈને આવ્યા. આપણાં સર્કલનું નામ દેશ લેવલે ગુંજતું કર્યું. એ આપણાં સૌ માટે ગૌરવવંતો પ્રસંગ છે.

**રાષ્ટ્રીય અંધજન હોસ્ટેલ સેવાયજ્ઞ-આણંદ :**

સ્ટેટ બેંક પેન્શનર્સ એસોસિયેશન-આણંદ યુનિટનો તા. ૦૫-૦૯-૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય અંધજન હોસ્ટેલમાં આણંદના પેન્શનર્સ દાતાઓના ઉદાર દાનથી રૂા. ૧૫,૦૦૦/- ભોજન ફંડ અર્પણ કરેલ. ત્યારબાદ ગણેશોત્સવમાં આરતીનો લાભ લઈ સર્વે પાવન થયેલ. કાર્યક્રમનું સંચાલન આણંદ કમિટી મેમ્બર શ્રી વિનોદરાય માવાણી તથા લોકલ યુનિટ પ્રમુખ શ્રી હેમંતભાઈ ચોક્સી દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમના દાતાઓ સર્વશ્રી હેમંતભાઈ ચોક્સી, વિનોદભાઈ વ્યાસ, રતીલાલ મકવાણા, મયંકભાઈ ભટ્ટ, રમીલાબેન શાહ, વસંતભાઈ પુજારા, ડી. એમ. શાહ, રમેશભાઈ મકવાણા, ઉપેન્દ્રભાઈ પટેલ, નરેશકુમાર ભટ્ટ અને દિલીપભાઈ મુલાની કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને સેવાયજ્ઞમાં જોડાયા હતા.

**એસબીઆઈપીએ વડોદરા યુનિટ દ્વારા ધાબળા વિતરણ**

એસબીઆઈપીએ વડોદરા તથા એસીએમએલ કેપિટલ માર્કેટ લિ. અમદાવાદના સૌજન્યથી તા. ૦૪-૧૨-૨૦૨૫ના રોજ ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, વડોદરા મોડ્યુલ ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની, સમિટી સદસ્યો સર્વશ્રી પ્રકાશ મંગલાની, નયનાબેન શેલત વગેરેની ઉપસ્થિતિમાં શ્રી મહારૂદ્ર હનુમાન શિક્ષા એવં સેવા સંસ્થા સંચાલીત આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓને ધાબળા વિતરણ કરવામાં આવ્યું.

**બેંક દ્વારા નિવૃત્ત કર્મચારીના મૃત્યુ સમયે પરિવારને તાત્કાલિક સહાય માટે 'SBI Tribute' યોજનાનો શુભારંભ :**

એસબીઆઈના પેન્શનરોને જણાવતાં આનંદ થાય છે કે બેંકના નિવૃત્ત કર્મચારી/પેન્શનરનું અવસાન થાય ત્યારે તેમના પરિવારને તાત્કાલિક નાણાંકીય તેમજ આપત્તિના સમયમાં મદદરૂપ થવા માટે બેંક દ્વારા **તા. ૨૩-૦૭-૨૦૨૫**ના રોજ 'SBI Tribute' યોજનાનો પરિપત્ર ઈસ્યુ

કરવામાં આવ્યો. ઉપર દર્શાવેલ પરિપત્ર અનુસાર પેન્શનર્સના મૃત્યુની સુચના મળ્યાના ૭૨ કલાકની અંદર કૃતજ્ઞતા અને સહાયતાના ઉદ્દેશથી રૂા. ૩૦,૦૦૦/- પરિવારને આપવામાં આવશે. જે માટે બેંકના અધિકારી, પેન્શનર્સ એસોસીએશનના સ્થાનિક પ્રતિનિધિ સાથે શોક ગ્રસ્ત પરિવારની મુલાકાત લઈને તેમને શાંત્વના પાઠવશે અને કૃતજ્ઞતા અને સહાયની રકમ અર્પણ કરશે. ઈ-એસબીએસમાં **"શ્રદ્ધાંજલિ"** યોજના અમલમાં હતી જે મર્જર પછી બંધ કરવામાં આવી હતી. મર્જર પછી એસબીએસ ફોરમના પ્રતિનિધિઓએ તે શરૂ કરાવવા પ્રયત્નો કરેલ. જેને સફળ બનાવવા એસબીઆઈપીએ-અમદાવાદ અને ફેડરેશના સંયુક્ત અથાગ પ્રયત્નો દ્વારા આ યોજના ફરી શરૂ કરવામાં આવી છે. એસબીઆઈ પેન્શનર્સની લાંબા સમયની માંગનો બેંક દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો. જે અત્યંત ખુશીની વાત છે. એસબીઆઈ ટ્રીબ્યુટ યોજના અન્વયે બેંકના અધિકારી અને પેન્શનર્સ એસોસીએશનના સ્થાનીક પ્રતિનિધિ સાથે સર્કલ લેવલે મૃત્યુ પામનાર પેન્શનર્સના પરિવારને શોક સંદેશ સાથે સહાયની **રૂા. ૩૦,૦૦૦/-ની** રકમની તાત્કાલિક ચૂકવણી કરવામાં આવી રહી છે.

### ડિસેબલ ચાઈલ્ડ કેસોમાં મળેલ અભૂતપૂર્વ સફળતા :

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, ગાંધીનગર સર્કલના અથાગ પ્રયત્નોના પરિણામ સ્વરૂપ આપણા સર્કલમાંથી પેન્શનર્સ પરિવારના વિકલાંગ બાળકો માટેના કોર્પોરેટ સેન્ટરની નવી ગાઈડ લાઈન અનુસાર અત્યાર સુધીમાં ફેમિલી પેન્શન યોજનામાં ડિસેબલ્ડ ચાઈલ્ડની ૫૭ અરજીઓ કોર્પોરેટ સેન્ટર મોકલવામાં આવી હતી. તેમાંથી કોર્પોરેટ સેન્ટર દ્વારા ૩૪ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. તેમાંથી ૫ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે. અને ૭ અરજીઓની કાર્યવાહી ચાલુ છે. નજીકના ભવિષ્યમાં આ અરજીઓની મંજુરી પણ મળી જશે. એવી અમારી ધારણા છે. સર્કલ લેવલે ૧૧ દરખાસ્તો હજુ પણ વિસંગતતાઓ સાથે પેન્ડીંગ છે. ડિસેબલ્ડ ચાઈલ્ડના કેસોમાં આપણાં સર્કલમાં અન્ય સર્કલના પ્રમાણમાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી થઈ થયેલ છે. અને એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન સતત સર્કલ મેનેજમેન્ટ સાથે તેમજ કોર્પોરેટ સેન્ટર ખાતે વાતચીત કરી રહેલ છે. આમ ડિસેબલ્ડ ચાઈલ્ડના કેસોમાં આપણા સર્કલને અભૂતપૂર્વ સફળતા મળી છે.

### દિલ્હી હાઈકોર્ટ કેસ વિશે અદ્યતન માહિતી

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ફેડરેશન ઓફ એસબીઆઈપીએના આપણા જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ અને વાઈસ પ્રેસિડેન્ટ શ્રી શંકર નાઈક સાથે પેન્શનની વિસંગતતા અંગે દિલ્હી હાઈકોર્ટના પેન્ડીંગ કેસની ચર્ચા કરવા માટે આપણાં વકીલ શ્રી વિદ્યાસાગરને મળ્યા. આ કેસનો મુખ્ય હેતુ નીચે મુજબ છે. ૧લી માર્ચ ૧૯૯૯થી નિવૃત્ત થયેલ કર્મચારીઓ માટે મૂળભૂત પેન્શન ફોર્મ્યુલામાં સુધારો કરવા, ૫૦% ફોર્મ્યુલા પુનઃસ્થાપીત કરવા અને બાકી રકમ પાશ્ચાદ અસરથી (એરીયર્સ) મેળવવા. અગાઉ આપેલ અરજીમાં ફેરફાર કરીને સ્પષ્ટ કરાવ્યું છે કે, એરીયર્સની રકમ મૂળ તારીખથી ચૂકવવી જોઈએ. ડીએફએસએ સુધારો ફક્ત આગળની તારીખથી લાગુ કર્યો હોવાથી આ બાબતે સુધારા અરજી કરવામાં આવી છે. પ્રતિવાદી પક્ષે આ સુધારા અરજી મળ્યાનો ઇન્કાર કર્યો હોવાથી તેમને ફરી નકલ આપવામાં આવી છે. આ કેસની ટૂંકી સુનાવણી ૨૫મી સપ્ટેમ્બરના રોજ થઈ હતી, અને આગામી તારીખ તહેવાર અને કોર્ટના વેકેશનને ધ્યાનમાં રાખી ૧૮ નવેમ્બર-૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. આપણાં વરિષ્ઠ વકીલો શ્રી પી. એન. મિશ્રા અને શ્રી પાંડા નિયમિત રીતે કેસ સંભાળી રહ્યાં છે. શ્રી નડાફે આપણાં સભ્યોને ખાત્રી આપી છે કે શિર્ષ નેતૃત્વ વહેલીતકે આ માંગણીનો ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ છે. સાથે જ તેમણે સભ્યોને વિનંતી કરી છે કે આ કેસ અંગેની કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરશો.

### પેન્શનર્સ મીટ અને સન્માન સમારોહ

**સુરત :** એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-સુરત મોડ્યુલ દ્વારા તા. ૩૦-૦૮-૨૦૨૫ના રોજ પેન્શનર્સ મીટ અને સન્માન સમારોહનું સુંદર આયોજન કરવામાં આવેલ. **અડાજણ-સુરત** ખાતે બદ્રિનારાયણ એ.સી. સત્સંગ હોલમાં આલ્હાદક વાતાવરણમાં ખુબજ વિશાળ સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉત્સાહભેર જોડાયા હતા. જે પેન્શનર્સ મિત્રોના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂરા થયાં હતા તેમનું સજોડે તથા જેમણે જીવનના ૭૦ વર્ષ પૂર્ણ કર્યા હતા તેમનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. આ સન્માન સમારોહની ગૌરવશાળી ક્ષણોને ઉપસ્થિત સૌએ મનભરીને માણી હતી. પરસ્પર પ્રેમ અને લાગણીના ઘોડાપૂર જોવા મળ્યા હતા. સુરત શહેરના પેન્શનર્સ પરિવારના મિત્રોએ પેન્શનર્સ મીટ અને સન્માન સમારોહને શોભાવ્યો હતો. આ ઉત્સવમાં એસબીઆઈ-સુરત મોડ્યુલના ડીજીએમ શ્રી રાજેશકુમાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને તેમના વક્તવ્યમાં તમામ પેન્શનરોનું અભિવાદન કર્યું હતું અને સારા સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સુખાકારી માટે શુભેચ્છા પાઠવી હતી. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર સર્કલના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ અને સુરત મોડ્યુલના પ્રભારી શ્રી પી. જી. પારઘીએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. એસબીઆઈપીએ સુરત મોડ્યુલના ડેપ્યુટી જનરલ સેક્રેટરી શ્રી આર. આર. દેસાઈએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. પેન્શનર્સ મીટની શરૂઆતમાં એસબીઆઈ પેન્શનર્સ પરિવારના ગાયક-કલાકરો દ્વારા 'કરાઓકે' ઉપર જુના સદાબહાર હિન્દી ફિલ્મી ગીતો મનભાવન અંદાજમાં રજૂ કર્યા હતા. આ ગીતોની મહેફીલથી ઉપસ્થિત પેન્શનરો રોમાંચિત થયા હતા. તમામ કલાકારોને તેમના ગીતો પર તાળીઓથી વધાવ્યા હતા. ઉત્સાહ અને આનંદના વાતાવરણ વચ્ચે યાદગાર અને શાનદાર મિટીંગ સંપન્ન થઈ.

**બારડોલી :** એસબીઆઈ પેન્શનર્સ પરિવાર-બારડોલી તથા તાપી જિલ્લાના સદસ્યોની પેન્શનર્સ મીટ તથા લગ્નજીવનના ૫૦ વર્ષ તથા ૭૦ની વય પૂર્ણ કરનાર પેન્શનર્સ મિત્રોનો સન્માન સમારોહ તા. ૦૨-૦૬-૨૦૨૫ને સોમવારના રોજ **ડો. આંબેડકર ભવન-વ્યારા** ખાતે યોજવામાં આવેલ. એસબીઆઈ-વ્યારા શાખાના ચીફ મેનેજર, એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ શ્રી રમેશ ચોક્સી, જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, ડેપ્યુટી જનરલ સેક્રેટરી, સુરત મોડ્યુલના શ્રી આર. આર. દેસાઈ, કમિટી સદસ્ય સર્વશ્રી એચ. જી. દેસાઈ-વલસાડ, અશ્વિન રાઠોડ-સુરત, દારા સુરતી-નવસારી, એક્ટિવ મેમ્બર સર્વશ્રી બલદેવ મિસ્ત્રી, એન. બી. સુર્વે, રાજેશ ભાટીયા તથા મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.

**રાજપીપળા** : નર્મદા જિલ્લાની પેન્શનર્સ મીટ રાજપીપળા ખાતે યોજવામાં આવેલ. આ પેન્શનર્સ મીટના કાર્યક્રમમાં રાજપીપળાના એજીએમ શ્રી આશિષ રંજન, મેનેજર (એચ.આર.) શ્રી હિંમત સિંઘ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસોશિયેશનના પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી સાથે મોટી સંખ્યામાં નર્મદા જિલ્લાના પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા. પેન્શનર્સ મીટમાં ઉપસ્થિત એજીએમ શ્રી આશિષ રંજન, એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પ્રસંગોચિત્ત સંબોધન કર્યા. જે પેન્શનર્સ મિત્રોએ ૭૦ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય તેમજ ૫૦ વર્ષ લગ્નજીવના પૂર્ણ કરનાર પેન્શનર્સ મિત્રોનું સન્માન કરવામાં આવ્યું. મિટીંગની સફળતા માટે ઈસી મેમ્બર શ્રી જોરસંગભાઈ પરમાર અને તેમની ટીમને હાર્દિક અભિનંદન.

**મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ-આંબાવાડી ખાતે :**

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા એપોલોના સહયોગથી તા. ૦૧-૦૬-૨૦૨૫ના રોજ એસબીઆઈ બિલ્ડીંગ, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ ખાતે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં આયુર્વેદિક ડોક્ટર તથા ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા રોગ પ્રમાણે સારવાર કરવામાં આવી. ડાયાબિટીસ ટેસ્ટ તેમજ બ્લડપ્રેશરનું પણ નિદાન કરવામાં આવ્યું. ફેશ સ્ક્રિનીંગ દ્વારા વેલનેસ એસેસમેન્ટ કરવામાં આવ્યું. ઉપરાંત Respiro Machine દ્વારા ફેફસાની ક્ષમતા અને તેના કાર્યનું પરીક્ષણ કરવામાં આવ્યું. લગભગ ૨૦૦ જેટલા પેન્શનરોની અવિરત હાજરી જોવા મળી. આ કેમ્પનો પેન્શનરોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લીધો.

**સદસ્યોને આરોગ્ય સંભાળ (પોલિસી 'એ') અને એસબીઆઈ હેલ્થ આસિસ્ટ (પોલિસી 'બી')ના અગત્યના મુદ્દાઓની જાણકારી**

SBIPA ના તામમ સદસ્યોને પોલિસી 'એ' અને પોલિસી 'બી'ની સંપૂર્ણ જાણકારી નીચે જણાવેલા મુદ્દાઓની વિગત અગાઉ આપવામાં આવી. SBI હેલ્થ કેર હેઠળ SBI-REMBSમાં આજીવન મર્યાદાના ૧% ડોમિસિલિયરી કવરની જોગવાઈ છે, SBI હેલ્થ કેર સ્કિમમાં દર્શાવેલ ૬૩ લિસ્ટેડ રોગો માટે જ ડોમિસિલિયરી કવર ઉપલબ્ધ રહેશે. **SBI હેલ્થ આસિસ્ટ અને SBI હેલ્થ કેરની સામાન્ય વિશેષતાઓ :** સહયોગી તબીબી ખર્ચ, નીચે દર્શાવેલ ખર્ચ એસોસિયેટ મેડિકલ ખર્ચનો ભાગ નથી, જન્મજાત વિસંગતતાઓ, માનસિક રોગ, નર્સિંગ, અદ્યતન તબીબી સારવાર, સ્થૂળતાની સારવાર, કેન્સર સારવાર, ઉંમર સંબંધીત મેક્યુલર ડિજનરેશન માટે સારવાર, ચોક્કસ સંકેત માટે EECP આવરી લેવામાં આવશે., આનુવાંશિક રોગો અને સ્ટેમ સેલ સર્જરી, યોગ્ય રીસીચલ નંબરવાળી રસીદ, ફિઝિયોથેરાપી ચાર્જ, ડે-કેર લાભો, ડે-કેર ટ્રિટમેન્ટ, વૈકલ્પિક સારવાર, સારવારમાં ફેરફાર, નશ્વર અવશેષો, એમ્બ્યુલન્સ ચાર્જ, એર એમ્બ્યુલન્સ ચાર્જ, કર અન્ય શુલ્ક, ભૌગોલિક લીમીટ : ફક્ત ભારત. વિગેરેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી.

**૨૦૦૦-૨૦૦૧ના નિવૃત્ત અને વીઆરએસ ઓપ્ટીને પેન્શન પાત્ર નોકરીમાં પાંચ વર્ષનો સમયગાળો વધારી આપવા બાબતે**

એસબીઆઈપીએના ફેડરેશને તા. ૦૫-૦૮-૨૦૨૫, સંદર્ભ ૨૪/૧૨૫/૨૬ જે સ્વૈચ્છીક નિવૃત્તિને લગતો છે કે જેમાં કલમ ૨૯(૫)ને લાગુ કરવા માટે કોર્પોરેટ ઓફિસ-મુંબઈને લખેલ છે તેના મહત્વના મુદ્દાઓ

૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારાને (વીઆરએસ) નિયમ ૨૯(૫)નો લાભ આપવામાં આવે. ● કલમ ૨૯(૫) મુજબ આવા નિવૃત્ત કર્મચારીઓને પાંચ વર્ષ સુધીનો સમયગાળો પેન્શનના લાભ માટે વધારી આપવામાં આવે. ● ઉપરોક્ત સમય ગાળો ન વધારાતા વિવિધ કોર્ટમાં કેસો કરવામાં આવેલ અને તા. ૨૭-૦૩-૨૦૦૯ના રોજ સુપ્રિમ કોર્ટ, સિવીલ અપીલ નં. ૧૯૯૪/૨૦૦૯માં બીઓઆઈ, આઈબીએ અને અન્ય વિરૂદ્ધ શ્રી કે. મોહનદાસ અને અન્યના પરિણામે ૨૦૦૯માં જાહેર ક્ષેત્રની બધી બેંક (એસબીઆઈ અને બીઓબી સિવાય) એ પાંચ વર્ષનો સમય ગાળો વધારેલ છે. સદરહું લાભો એસોશિયેટ બેંકના સ્વૈચ્છિક નિવૃત્ત અને વીઆરએસ લેનારને લાગુ પડે છે. ● આઈબીએ ૧૭-૦૮-૨૦૦૯ પરિપત્ર નં. સીઆઈઆર-એચઆર-આઈઆર-૭૬/એલ-૪૩ એચ/જી-૨/૨૦૦૧૦/૧૧૩૪થી બધી બેંકોને પાંચ વર્ષનો સમય ગાળો વધારવા સુચના આપેલ છે. ● આ બાબતે સ્ટેટ બેંક ઓફ મૈસૂરના પેન્શનર્સ મિત્રોએ મેનેજમેન્ટના નકારાત્મક વલણને કર્ણાટક હાઈકોર્ટમાં પડકારતાં ચૂકાદો પેન્શનર્સની તરફેણમાં આવેલ. જેને પણ સુપ્રિમમાં પડકારતાં કર્ણાટક હાઈકોર્ટનો ચૂકાદો સુપ્રિમ કોર્ટે બહાલ રાખેલ. ● આવા લાભો સ્ટેટ બેંક ઓફ પતિયાલાના પેન્શનર્સને પણ મળેલ છે.

સદરહું લાભો ૨૦૦૦-૨૦૦૧ના ઈ-એસબીએસ અને અન્ય એસોશિયેટ બેંકના સ્વૈચ્છિક નિવૃત્ત અને વીઆરએસ ઓપ્ટીને આપવામાં આવે એવી સતત રજુઆત એસબીઆઈ પેન્શનર્સ એસીશિયેશન-ગાંધીનગર સર્કલ દ્વારા ફેડરેશનને કરતાં એના પરિણામ સ્વરૂપ ફેડરેશને આ બાબતને અગ્રિમતા આપી ઉગ્ર રજુઆત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કોર્પોરેટ ઓફિસ-મુંબઈને કરેલ છે.

**પેન્શનર્સ એસોસિયેશનના ઈતિહાસમાં પ્રથમવાર ભૂખ હડતાળ, ધરણાં, સૂત્રોચ્ચાર અને દેખાવો યોજાયા :**

આપણી પેન્શન વધારા તથા અન્ય મુદ્દાઓની સરકાર પાસે પડેલ લાંબા સમયની માંગણી સરકારના ધ્યાને લાવવા અને ઝડપી ઉકેલ માટે તા. ૦૫-૦૮-૨૦૨૫ના રોજ ગાંધી આશ્રમ, સુભાષબ્રીજ પાસે ભૂખ હડતાળ, સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો. આપણાં જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરી અને બેન્ક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસો.ના જનરલ સેક્રેટરી કોમરેડ આર. એસ. ત્રિવેદીના નેતૃત્વમાં અમદાવાદની તમામ બેન્કોના સંગઠનના આગેવાનોની મળેલ મિટીંગમાં નક્કી થયા મુજબ હેરિટેજ સીટી અમદાવાદમાં એક દિવસીય ભૂખ હડતાળ, સૂત્રોચ્ચાર અને દેખાવો યોજવામાં આવ્યા. તમામ ઈલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મિડિયાએ આપણી લડતનું કવરેજ કરીને રાષ્ટ્રીય લેવલે આપણો અવાજ પહોંચાડ્યો. આપણા ન્યાયિક મુદ્દાઓની માંગણી સાથેનું મેમોરેન્ડમ ભારત સરકારના નાણાં મંત્રી શ્રીમતિ નિર્મલા સીતારામનને પહોંચાડવા અમદાવાદ કલેક્ટરશ્રીને સુપ્રત કરવામાં આવ્યું. એસબીઆઈના તમામ વર્કીંગ સંગઠનોએ પણ ઉપસ્થિત રહી આપણી લડતને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો. પેન્શનર્સ એસો.ના ઈતિહાસમાં પ્રથમ વાર ભૂખહડતાળ, ધરણાં અને સૂત્રોચ્ચારનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આપણી માંગણીઓ સરકાર દ્વારા ના સંતોષાય તો આમણાંત ભૂખ હડતાળ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યક્રમની અભૂતપૂર્વ સફળતા માટે આપ સૌને લાખ લાખ અભિનંદન.

**કોન્ટ્રીબ્યુશન/ડોનેશન :**

પેન્શનમાં ૪૦% થી ૫૦%માં થયેલ વધારા તથા એક્સગ્રેસિયાની બાકી રહેલ કોન્ટ્રીબ્યુશન/ડોનેશન બાબતે ગત મિટીંગમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે કોન્ટ્રીબ્યુશન/ડોનેશન આપવામાં બાકી મેમ્બર્સનું મોડ્યુલવાઈઝ લીસ્ટ તૈયાર કરીને હોદ્દેદારોને સોંપવામાં આવેલ અને તેમાં યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ. હજુ પણ ઘણાં મેમ્બર્સનું કોન્ટ્રીબ્યુશન/ડોનેશન મેળવવાનું બાકી હોઈ આ બાબતમાં આપના મોડ્યુલ લેવલે ઝડપી કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવે છે. કોન્ટ્રીબ્યુશન/ડોનેશન જે સભ્યનું બાકી હોય તેમણે સત્વરે જમા કરવવા વિનંતી.

**કોર્પોરેટ મેનેજમેન્ટ સાથે ફેડરેશનની સ્મોલ કમિટી મિટીંગ :**

તાજેતરમાં ફેડરેશનના નવા વરાયેલા હોદ્દેદારો પ્રમુખ શ્રી રાધાક્રિષ્નન, જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કમાલ કાદરી અને અન્ય હોદ્દેદારોની તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ કોર્પોરેટ સેન્ટર મુંબઈ ખાતે સ્મોલ કમિટીની મિટીંગ યોજાઈ હતી. ઘણાં લાંબા સમય બાદ કોર્પોરેટ મેનેજમેન્ટ દ્વારા ફેડરેશનના લીડરોને મિટીંગ માટે આમંત્રિત કર્યા હતા. પોલિસી મેટર લેવલના પેન્ડીંગ પ્રશ્નો તેમાંય ખાસ કરીને ડિસેબલ્ડ ચાઈલ્ડની પેન્ડીંગ અરજીઓ બાબતે ચર્ચા-વિચારણાને અંતે મંજુર કરવામાં આવી હતી. તા. ૧૫-૧૦-૨૦૨૫ના રોજ ફેડરેશન નેતૃત્વએ ચેરમેનની મુલાકાત લીધી હતી. આમ નવા વરાયેલા હોદ્દેદારોની સક્રિયતાને કારણે કોર્પોરેટ મેનેજમેન્ટ દ્વારા આપણાં પ્રશ્નોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તે આપણાં સૌ માટે ગૌરવની વાત છે.

**એસોસીયેટ બેન્કના રાજીનામું આપનારા કર્મચારીઓ...**

ફેડરેશન ઓફ એસબીઆઈપીએના પ્રયત્નો થકી બેન્ક દ્વારા એસોસીયેટ બેન્કોના રાજીનામું આપનારાઓને (વીઆરએસ અને એક્ઝિટ સીવાયના) બારમા વેતન કરારમાં પેન્શન યોજનામાં જોડાવા માટે ખાસ તક આપવામાં આવી. આ માટે બેન્કના ઈ-પરિપત્ર નં. CDO/P&HRD-PPG/42/2024-25 Dt. 26-09-2024. દ્વારા રાજીનામું આપનારા કર્મચારીઓને પેન્શનની તક આપવામાં આવી છે. તેમાં અત્યાર સુધી પાંચ વ્યક્તિઓને પેન્શન મળવા લાગ્યું છે અને બાકીના મિત્રો માટે જરૂરી માહિતીના અભાવે વિચારણા હેઠળ છે.

**સમાધાન પખવાડા :**

બેંક દ્વારા નક્કી થયા મુજબ તા. ૧૮-૦૭-૨૦૨૫ના રોજ હેડ ઓફિસ, ગિફ્ટસીટી, ગાંધીનગર તથા તામ એડમિન ઓફિસમાં સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. ઉપરાંત તા. ૧૧-૧૧-૨૦૨૫ના રોજ ઘણાં મોડ્યુલમાં તેમજ તા. ૧૩-૧૧-૨૦૨૫ના રોજ હેડ ઓફિસ, ગાંધીનગર ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. બેંક મેનેજમેન્ટ તથા એસબીઆઈપીએના હોદ્દેદારો દ્વારા પેન્શનરોના પ્રશ્નો માટે વિગતે ચર્ચા કરવામાં આવી અને મેનેજમેન્ટ દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે ખાત્રી આપવામાં આવી.

**પેન્શનર્સ પ્રકાશ :**

આપણે નિરંતર દર મહિનાની ૨૬મી તારીખના રોજ પેન્શનર્સ પ્રકાશ પ્રકાશિત કરીએ છીએ. તમામ પેન્શનરોને નિયમિત પેન્શનર્સ પ્રકાશ પ્રાપ્ત થાય તે માટેની તકેદારી રાખીએ છીએ. જે પેન્શનરોને પેન્શનર્સ પ્રકાશ મળતાં નથી તેવા કિસ્સાઓમાં તે વિસ્તારની પોસ્ટ ઓફિસનો સંપર્ક સાધીને તેમને પેન્શનર્સ પ્રકાશ મળે તેવી કાર્યવાહી કરવામાં આવેલ છે. જેથી પેન્શનરો સંતોષની લાગણી અનુભવી રહ્યાં છે. વધુમાં જે પેન્શનરોના સરનામા બદલાયા હોય તેમણે સત્વરે એસબીઆઈપીએની ઓફિસમાં વોટ્સએપ મેસેજ દ્વારા જાણ કરવી.

**આભાર સહ :**

હું આપણા પ્રમુખશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું કે જેઓ દરેક પ્રવૃત્તિઓ સાથે પોતાને સાંકળીને સફળતાપૂર્વક પાર પાડવા માટે મને અને ઓફિસમાં આવતા દરેક હોદ્દેદારોને પ્રોત્સાહન પુરૂં પાડ્યું છે.

પેન્શનર્સ પ્રકાશના કાર્યમાં ઓફિસમાં ચૂંટાયેલા સભ્યો ઉપરાંત શ્રી મંકોડી સાહેબ તથા શ્રી ગિરીશભાઈ વૈષ્ણવ અને ઘણાબધા મિત્રો પેન્શનર્સ એસો.ના કાર્યમાં મદદ કરે છે. શ્રી રવિ સોલંકી સંસ્થાના હિસાબોને સમયસર તૈયાર કરી ઓડિટ કરાવે છે તે તથા ઓફિસમાં નિયમિત આવતા મારા સાથી મિત્રો સર્વેનો આભાર માનું છું. ઓફિસનું સારૂં સંચાલન થાય એ માટે આપણા કર્મચારી શ્રી હિતેશભાઈ દવે અને શ્રી રમેશભાઈનો પણ આભાર માનું છું. ગુજરાતના ખૂણે ખૂણેથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને આજના પ્રસંગને ભવ્ય સફળ બનાવવા બદલ આપ સૌને દિલથી અભિનંદન સાથે આભાર વ્યક્ત કરૂં છું.

**કમાલ કાદરી-**
**જનરલ સેક્રેટરી**

**તા. ક. : પેન્શનર્સ મિત્રોને ખાસ જણાવવાનું કે, આપણા સર્કલની પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ વડોદરા ખાતે યોજાઈ રહી છે. ત્યારે મિટીંગમા આવનાર તમામ સભ્યોએ આ અંક (ડિસેમ્બર-૨૦૨૫) સાથે લઈને આવશો.**


હવે તમારી આંખની સારવાર
દુનિયાની સર્વશ્રેષ્ઠ ટેકનોલોજીથી
2,00,000 થી વધુ પેશન્ટની સફળ સારવાર
ઓકયુરા આંખની હોસ્પિટલ
સુપર સ્પેશ્યાલિસ્ટ આંખની હોસ્પિટલ
તણાવમુક્ત અને ડાયનેમિક ઓપરેશન થિએટર
GOOGLE REVIEW
4.8
પેશન્ટની સારવાર માટે
એડવાન્સ અને લેટેસ્ટ
રોબોટિક કેટરેક્ટ સર્જરી
SBI અને eSBI પેન્શનર્સના કાર્ડધારકો
માટે નિ:શુલ્ક આંખની તપાસ
CGHS-ECHS એમ્પેનલ્ડ | કેશલેશ સગવડ ઉપલબ્ધ | બ્લેડલેસ કેટરેક્ટ સર્જરી વિશે જાણવા સંપર્ક કરો.
મોતિયો | ઝામર | રેટિના (પડદો) | લેસિક | કોર્નીઆ | વિઝન થેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર
કોમ્પ્રોમાઈઝ ન કરશો, ફક્ત બેસ્ટ પર જ વિશ્વાસ કરો.
અમદાવાદ
રાજપથ રંગોલી રોડ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમની બાજુમાં, બોડકદેવ-380059
ફોન. 079-49131202/03/04, +91 9998055807
ગાંધીનગર
ગ્રાઉન્ડ ફ્લોર, સીનર્જી સ્પેસ, ડી માર્ટ મોલ અને પેન્ટાલુન્સની વચ્ચે, સરગાસન-382421
ફોન. 079-49177290, +91 7043984900
"એક એવી હોસ્પિટલ જે હોસ્પિટલ જેવો અનુભવ કરાવતી નથી"

# તા. ૦૧-૦૪-૨૦૨૪ થી ૩૧-૦૩-૨૦૨૫ સુધીના વાર્ષિક હિસાબો

## AUDITOR'S REPORT

AS PER THE BOMBAY PUBLIC TRUST ACT, 1950 SECTION 33,34 OR RULE 19.

Name Of Public Trust- STATE BANK OF INDIA PENSIONAR'S ASSOCIATION

Trustee's Name :- Ravindra Ambalal Solanki
Address of the Trust's Office :- 3rd Floor, SBI Admin Office, S.M.Road, Ambawadi, Ahmedabad-380015.
Phone No. :- 9998265158
Trust Registration No. :- F-1294- AHMEDABAD.
Date Of Registration On :- 15/12/1987
Details of Bank A/c : 30855862333
Name of Bank: State Bank of India Barnch: Ahmedabad Address: LAL DARWAJA, AHMEDABAD, GUJRAT- 380001
F.C.R.A. NO. - N.A
Date:- N.A

---

We have audited the accounts of the above named trust for the year ended 31/03/2025 and being to report that -

1. The accounts are maintained regularly and in accordance with the provisions of the Act and the Rules.

2. Receipts and disbursements are properly and correctly shown in the accounts;

3. The Cash Balance and Vouchers in the custody of the manager or Trustee on the date of the audit are in the agreement with accounts;

4. Books, Deed, Accounts Vouchers and other documents and records required by us were produced before us;

5. An inventory certified by the trustee of the moveable of the Trust has been maintained.

6. The manager / Trustee appeared before us and furnished necessary information required by us;

7. No Property or Funds of the trust were applied for any object or purpose other than the object or purposes of Trust;

8. The amounts outstanding for more than one year are Rs. Nil and the amount written off is Rs. Nil.

9. Tender were invited for repairs of construction as the expenditure involved did / did not exceed Rs.5000/-

10. No money of the Public Trust has been invested contrary to the provisions of section 35;

11. No informations of immoveable property has been made contrary to the provisions of section 36;

We have further of report that,

1. The Trust Applied "Cash Accounting" policy.
2. Investment is valued at cost of acquisition.
3. All debit and credit balance are subject to confirmation.

**Udin No. : 25013144BMNRVX1044**

Place: Ahmedabad
Date :- 04/07/2025

NAUTAM R. VAKIL & CO. CHARTERED ACCOUNTANTS REG. NO. FRN 106980W

Nautam R. Vakil & CO.
Chartered Accountants

Partner
Nautam R. Vakil (Membership No.13144)
Address:-31/B, Saurastra Society,
New Vikas Gruh Road,
Paldi, Ahmedabad -380007.
Tele.:-079-35334495
079-35334683

**THE BOMBAY PUBLICTRUST ACT, 1950**
**Schedule IX [Vide Rule 17(1)]**

**Name Of Public Trust- STATE BANK OF INDIA PENSIONAR'S ASSOCIATION**

Trust Registration No. :- F-1294- AHMEDABAD. Date Of Registration On :- 15/12/1987
Address of the Trust's Office :- 3rd Floor, SBI Admin Office, S.M.Road, Ambawadi, Ahmedabad-380015.
Phone No. :- 9998265158

## Income and Expenditure Account for the year ending on :- 31-03-2025

Bank Account No.of Trust for Transaction of Foreign Contribution :N.A
F.C.R.A. NO. - N.A Date:- N.A

| EXPENDITURE | Rs. | Rs. | INCOME | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| TO EXPENDITURE IN RESPECT OF PROPERTIES | | | BY RENT (Accrued or realized) | | 0.00 |
| Rates,Taxes,cesses<br>Repairs and maintenance<br>Salaries<br>Depriciation ( Provision or adjustment) | | 0.00 | BY INTEREST<br>On Securities<br>On Loans<br>On Bank Account | | 2788254.00 |
| To Administrative Expenses (As per Shedule - 3) | | 2527158.36 | BY DIVIDEND | | 0.00 |
| TO Establishment Expenses | | | | | |
| TO Remuneration to Trustees(In case Of Math) | | | | | |
| To the Head Of Math,Including his House Hold expenditure(If any) | | | BY Donation In Cash Or Kind | | |
| TO Legal Expenses | | | Domestic | | |
| TO Audit Fees | | | Voluntary Contribution | 517612.00 | |
| TO Contribution and Fees | | | Corpus Donation | 12413601.00 | |
| TO Vakil Fees | | | (As per Shedule - 1 ) | | |
| | | | International Donation | 0.00 | |
| | | | F.C.R.A. NO. - N.A<br>Date:- N.A | | 12931213.00 |
| TO Amount Written off (As per Shedule - 4) | | 401592.00 | BY Income from other sources (As per Shedule - 2) | | 759784.00 |
| TO Miscellaneous Expenses | | | | | |
| TO Depriciation | | | | | |
| TO Amount transferd to reserve of specific funds<br>Corpus Donation | | 12413601.00 | BY Transfer from Reserve | | |
| TO Expenditure on object of the trust (As per Shedule - 5) | | 2923421.90 | BY Deficit Income & Expendiure A/c (As per Shedule - 6) | | 1786522.26 |
| TO Surplus Income & Expenditure A/c. (As per Shedule - 6) | | | | | |
| Total | | 18265773.26 | Total | | 18265773.26 |

Place :- Ahmedabad
Date :- 04/07/2025

TRUSTEE 0.00

NAUTAM R. VAKIL & CO. REG. NO. FRN 106980W CHARTERED ACCOUNTANTS

As per our report of even date
Nautam R. Vakil & CO.

Chartered Accountant
Partner
Nautam R. Vakil (Membership No.13144)
Address:-31/B, Saurastra Society,
New Vikas Gruh Road,
Paldi, Ahmedabad -380007.
Tele.:-079-35334495
079-35334683

SBI Pensioners Association
President/General Secretary/Treasurer

S.B.I. Pensioners' Association AHMEDABAD

## Name Of Public Trust- STATE BANK OF INDIA PENSIONAR'S ASSOCIATION
## SCHEDULES OF INCOME & EXPENDITURE

### SCHEDULE - 1 Donation in Cash Or Kind (Income form object of trust)

| Sr. | Particulars | Voluntary | Corpus Fund |
|---|---|---|---|
| | | Contibution | |
| 1 | Donation received | 471562 | |
| 2 | Legal donation | 50.00 | |
| 3 | Life family membership donation | 46000 | |
| 4 | Life membership donation | | 735301.00 |
| 5 | Life time Corpus contribution | | 1863890.00 |
| 6 | Leavy Income | | 9814410.00 |
| | Total | 517612.00 | 12413601.00 |

### SCHEDULE - 2 Income form other sources

| Sr. | Particular | Amount |
|---|---|---|
| 1 | Advertisement Income | 528910.00 |
| 2 | Interest on income tax refund | 10824.00 |
| 3 | Legal Fees | 220050.00 |
| 4 | | |
| | Total | 759784.00 |

### SCHEDULE - 3 Administrative Exps.

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| 1 | Bank Charges | 3186.00 |
| 2 | Bhavnagar AO Exps | 33303.00 |
| 3 | conveyance exps. | 134382.00 |
| 4 | Gandhinagar AO exps. | 17840.00 |
| 5 | Misc office Exps. | 410623.00 |
| 6 | Postage, Telephone and Courier Exps. | 382353.36 |
| 7 | Printing, Typing and Xerox Exps. | 903924.00 |
| 8 | Rajkot AO Office exps. | 31650.00 |
| 9 | Salary Exps. | 460000.00 |
| 10 | Social service wing exps. | 65000.00 |
| 11 | Stationary Exps. | 30721.00 |
| 12 | Vadodara office exps. | 54176.00 |
| | Total | 2527158.36 |

### SCHEDULE - 4 Amount Written off

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| (a) | Bad Debt | |
| (b) | Loan Scholerships | |
| (c) | Irrecoverable Rent | |
| (d) | Other | |
| 1 | TDS on Interest Written off | 359695.00 |
| 2 | Furniture written off | 41897.00 |
| | Total | 401592.00 |

### SCHEDULE - 5 Expenditure on object of the trust

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| (a) | Religious | |
| (b) | Educational | |
| (c) | Medical Relief | |
| (d) | Relief Of Poverty | |
| (e) | Other Charitable Object | |
| 1 | Federation Fee exps. | 580000.00 |
| 2 | Meeting Exps. | 2186920.90 |
| 3 | Vadodara directory printing exps. | 156501.00 |
| | Total | 2923421.90 |

### Schedule - 6 Surlus & Deficit of Fund

| Sr. No. | Particulars | Surplus | Deficit |
|---|---|---|---|
| 1 | Income & Expenditure A/c | | 1786572.26 |
| 2 | Legal Fund | 50.00 | |
| | Total | 50.00 | 1786572.26 |
| | Balance transfer to Balance sheet | 1786522.26 | |
| | Total | 1786572.26 | 1786572.26 |

THE BOMBAY PUBLICTRUST ACT, 1950

Schedule VIII [Vide Rule 17(1)]

Name Of Public Trust- STATE BANK OF INDIA PENSIONAR'S ASSOCIATION

Trust Registration No. :- F-1294- AHMEDABAD. Date Of Registration On :- 15/12/1987

Address of the Trust's Office :- 3rd Floor, SBI Admin Office, S.M.Road, Ambawadi, Ahmedabad-380015.

Phone No. :- 9998265158 Balance Sheet as on :- 31-03-2025

Bank Account No.of Trust for Transaction of Foreign Contribution :N.A

Details of Bank A/c : 30855862333

Name of Bank: State Bank of India Barnch: Ahmedabad Address: LAL DARWAJA, AHMEDABAD, GUJRAT- 380001

F.C.R.A. NO. - N.A Date:- N.A

| FUNDS & LIABILITIES | Rs. | Rs. | PROPERTY AND ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| | | | IMMOVABLE PROPERTIES :- | | |
| TRUST FUNDS OR CORPUS : | | | (As per Shedule - 4) | | 0.00 |
| Opening balance | 15661.61 | | | | |
| Add:- | | 15661.61 | INVESTMENTS :- | | |
| | | | (As per Shedule - 5) | | 56587501.00 |
| OTHER EARNMARKED FUNDS : | | | | | |
| (Created under provisions of the Trust Deed or scheme or unit of the | | | Dead Stock , Furniture & Fixtures | | |
| Depriciation Fund | | | (As per Shedule - 6) | | 0.00 |
| Reserve Fund | | | Loans ( Secured or Unsecured) | | |
| Any Other Fund | | | Good / doubtful | | |
| | | | Loans Scholership | | |
| (As per Shedule - 1) | 59410411.13 | 59410411.13 | Other loans | | |
| | | | (As per Shedule -7) | 0.00 | 0.00 |
| LOANS (SECURED OR UNSECURED):- | | | | | |
| From Trustees | | | | | |
| From Others | | | Advances | | |
| (As per Shedule - 2) | 0.00 | 0.00 | To Trustees | | |
| LIABILITIES:- | | | To Employees | | |
| For Expenses | 0.00 | | To Contractor | | |
| For Advances | 0.00 | | To Lawyers | | |
| For Rent and Other Deposits | 0.00 | | To Others | | |
| For Sundry Credit Balance | 0.00 | | (As per Shedule -8) | 0.00 | 0.00 |
| (As per Shedule - 3) | | 0.00 | Income Outstanding | | |
| | | | (As per Shedule -9) | | 395922.00 |
| INCOME & EXPENDITURE ACCOUNT:- | | | CASH & BANK :- | | |
| Opening balance (As per last balance sheet) | | | (As per Shedule - 10) | | 2442649.74 |
| Less :- Appropriation , if Any | | | | | |
| Add/Less:- surplus or Deficit (As per Income And Expenditure Account) | | 0.00 | INCOME & EXPENDITURE ACCOUNT:- | | |
| | | | Opening balance (As per last balance sheet) | | |
| | | | Add/Less:- Deficit or surplus (As per Income And Expenditure Account) | | 0.00 |
| | | | | | 0.00 |
| Total | | 59426072.74 | Total | | 59426072.74 |

The above Balance sheet to the best of my/ our belief contanis a true account of the funds and Liabilities and of the property and Assets of the Trust

Place :- Ahmedabad
Date :- 04/07/2025

TRUSTEE

0.00

NAUTAM R. VAKIL & CO. REG. NO. FRN 106980W CHARTERED ACCOUNTANTS

As per our report of even date
Nautam R. Vakil & CO.

Chartered Accountant
Partner
Nautam R. Vakil (Membership No.13144)
Address:-31/B, Saurastra Society,
New Vikas Gruh Road,
Paldi, Ahmedabad -380007.
Tele.:-079-35334495

SBI Pensioners Association

President/General Secretary/Treasurer

Pensioners' Association AHMEDABAD

**SCHEDULE- 5 INVESTMENTS**

| Sr. | Particular | Amount |
|---|---|---|
| 1 | S.B.I.TDR | 36149795.00 |
| 2 | S.B.I.TDR For Building | 1830000.00 |
| 3 | TDR For Life Time Contribution | 1340000.00 |
| 4 | TDR For Social Service Wing | 3767706.00 |
| 5 | TDR with SBI | 6000000.00 |
| 6 | Special TDR | 7500000.00 |
| | Total | 56587501.00 |

**SCHEDULE- 6 Dead Stock , Furniture & Fixtures**

| Sr. | Particulars | Opening Balance | Addition | Deductions | Depricaition | Closing Balance |
|---|---|---|---|---|---|---|
| 1 | Furniture & Fixture | 41897.00 | | | 41897.00 | 0.00 |
| | Total | 41897.00 | 0.00 | | 41897.00 | 0.00 |

**Schedule - 7 Other Loans ( Secured or Unsecured)**

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| 1 | | |
| | Total | 0.00 |

**Schedule - 8 Advances to Others**

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| 1 | | |
| | Total | 0.00 |

**Schedule - 9 Income Outstanding**

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| 1 | Interest receivable | 395922.00 |
| | Total | 395922.00 |

**Schedule - 10 Cash & Bank Balance**

| Sr. | Particulars | Type Of A/C | Account No. | Amount |
|---|---|---|---|---|
| 1 | Cash Balance | | | |
| | Cash | | | |
| 2 | Bank Accounts | | | |
| a | S.B.I. | Saving A/c | 30855862333 | 1588462.24 |
| b | S.B.I. | Saving A/c | 30697250103 | 693338.00 |
| c | SBI PA Vadodra | Saving A/c | 42717203245 | 67528.50 |
| d | SBIPA Rajkot | Saving A/c | 42694108988 | 393.00 |
| | SBIPA Bhavnagar | Saving A/c | 42893766101 | 35454.00 |
| | SBIPA Gandhinagar | Saving A/c | 42663528387 | 31924.00 |
| | SBIPA Surat | Saving A/c | 42635349844 | 25550.00 |
| 3 | F.C.R.A Account | N.A | | |
| 4 | With The Trustee | | | |
| 5 | With The Manager | | | |

NAUTAM R. VAKIL & CO. CHARTERED ACCOUNTANTS REG. NO. FRN 106980W

TRUSTEE

**Name Of Public Trust- STATE BANK OF INDIA PENSIONAR'S ASSOCIATION**

**SCHEDULE OF BALANCE SHEET**

**SCHEDULE-1 Trust Earnmarked Income**

| | Particulars | Opening Balance | Additions | Adjustment | Deductions | Adjustment | Closing Balance |
|---|---|---|---|---|---|---|---|
| A | Corpus Fund | | | | | | |
| 1 | Building Fund | 3446625.00 | | | | | 3446625.00 |
| 2 | Fee Donation | 3811173.57 | | | | | 3811173.57 |
| 3 | Levy Fund | 2774948.80 | | | | | 2774948.80 |
| 4 | Lifetime Contribution | 10268683.00 | 1863890.00 | | | | 12132573.00 |
| 5 | Life membership Fund | 19190947.00 | 735301.00 | | | | 19926248.00 |
| 6 | Social Service Wing Fund | 3517288.00 | | | | | 3517288.00 |
| 7 | Leavy Fund | | 9814410.00 | | | | 9814410.00 |
| | TOTAL[A] | 43009665.37 | 12413601.00 | 0.00 | 0.00 | 0.00 | 55423266.37 |
| B | NON CORPUS FUND | | | | | | |
| 1 | Legal Fund | 205330.00 | 50.00 | | | | 205380.00 |
| 2 | Income & Exps. A/c | 5297691.02 | 1277346.00 | 2788254.00 | 5852172.26 | -270646.00 | 3781764.76 |
| | TOTAL[B] | 5503021.02 | 8.00 | 2788254.00 | 5852172.26 | -270646.00 | 3987144.76 |
| | TOTAL[A+B] | 48512686.39 | 12413609.00 | 2788254.00 | 5852172.26 | -270646.00 | 59410411.13 |

**SCHEDULE-2 Loans**

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| 1 | | |
| | Total | 0.00 |

**SCHEDULE- 3 Liabilities**

| Sr. | Particulars | Amount |
|---|---|---|
| For Expenses | | |
| 1 | | 0.00 |
| For Advances | | |
| 1 | | 0.00 |
| For Rent and other Deposits | | |
| | | 0.00 |
| For Sundry Credit Balance | | |
| 1 | | 0.00 |
| | Total | 0.00 |

**SCHEDULE- 4 IMMOVABLE PROPERTY**

| Sr. | Particulars | Opening Balance | Additions | Deductions | Depricaition | Closing Balance |
|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | 0.00 |
| | Total | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

GAUTAM R. VAKIL & CO. REG. NO. 106980W CHARTERED ACCOUNTANTS

S.B.I. Pensioners' Association AHMEDABAD

**TRUSTEE**

AMRISH SHAH +91 93270 08653 HARSHIT SHAH +91 99789 08869

हमारी सेवाएं

✓ Mutual Funds
✓ GOI Bonds
✓ Life Insurance
✓ Fixed Deposite

PIFCON SERVICES LLP SINCE 1981

✓ Public Issues
✓ Capital Gain Bonds
✓ General Insurance
✓ N C D Bonds

POOJA INVESTMENT
G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad - 9, Gujarat, INDIA

Email: info@poojainvestment.com Website: www.poojainvestment.com

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

## શું આપે લેવી / ડોનેશનની રકમ જમા કરાવી ?...

**મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.**

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)** **Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

### LEVY / DONATION

**જે મિત્રોએ તા.૦૧-૧૧-૨૦૨૫થી ૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૩૦-૧૧-૨૦૨૫ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ જાન્યુઆરી માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.**

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| | | **Donation** | | |
| 19-Nov-25 | 733547 | PIYUSH JATASHANKAR MEHTA | 1001.00 | 28705 |
| 10-Nov-25 | 2889609 | MANJULABEN ISHWARLAL VAGHIA | 1000.00 | 28689 |
| 10-Nov-25 | 2888289 | ISHVARLAL VASANTBHAI VAGHIA | 1000.00 | 28690 |
| 28-Nov-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28721 |
| 29-Nov-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28724 |
| 05-Nov-25 | 729280 | HARSUKHLAL B. GOHEL | 555.00 | 28685 |
| 04-Nov-25 | 1743252 | LAKHABHAI VASHRAMBHAI PATEL | 501.00 | 28680 |
| 28-Nov-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 500.00 | 28722 |
| 28-Nov-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 500.00 | 28723 |
| | | **LEVY** | | |
| 12-Nov-25 | 1705229 | NATUBHAI P. PATEL | 11000.00 | 28691 |
| 04-Nov-25 | 1708058 | ARVIND RAMANLAL SONI | 7500.00 | 28679 |
| 24-Nov-25 | 1728156 | PASHABHAI DAHYABHAI RATHOD | 6354.00 | 28712 |
| 13-Nov-25 | 734802 | YUNUS IBRAHIM MUNSHI | 5000.00 | 28692 |
| 21-Nov-25 | 734047 | HARIPRASAD I. PANCHAL | 5000.00 | 28709 |

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| 24-Nov-25 | | DETAILS NOT AVAILABLE | 5000.00 | |
| 28-Nov-25 | 1708104 | MADHUSUDAN R. SHETH | 5000.00 | 28716 |
| 20-Nov-25 | 1706276 | RAMANLAL L. MISTRY | 4501.00 | 28706 |
| 02-Nov-25 | 5186692 | ANIRUDHSINH B. CHUDASAMA | 4500.00 | 28670 |
| 01-Nov-25 | 5191106 | DHIRAJLAL HANSRAJ DADHANIYA | 3500.00 | 28668 |
| 17-Nov-25 | 735884 | PRABHAKAR D. KADAM | 3000.00 | 28699 |
| 24-Nov-25 | 1705172 | VINODCHANDRA BABARBHAI PATEL | 3000.00 | 28713 |
| 13-Nov-25 | 704490 | DINESHBHAI M. BHRMHBHATT | 2500.00 | 28695 |
| 13-Nov-25 | 1739840 | MAHESHKUMAR P. PATEL | 2000.00 | 28696 |
| 03-Nov-25 | 734004 | BHARATKUMAR K. SHAH | 1500.00 | 28675 |
| 02-Nov-25 | 5186692 | ANIRUDHSINH B. CHUDASAMA | 1460.00 | 28669 |
| 25-Nov-25 | | DETAILS NOT AVAILABLE | 1300.00 | |
| 21-Nov-25 | 1708201 | VASANTLAL S. SOLANKI | 1200.00 | 28708 |
| 13-Nov-25 | 3505332 | NARANSINGHBHAI C. RATHVAKOLI | 1100.00 | 28694 |
| 24-Nov-25 | 5189551 | NATUBHAI JATARBHAI PATEL | 1000.00 | 28711 |
| 28-Nov-25 | 5204623 | PRAVINBHAI GORDHANBHAI RATHOD | 1000.00 | 28718 |
| 28-Nov-25 | 8264155 | BHAGWANJI BHIMJIBHAI MARVANIYA | 500.00 | 28717 |

## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ | ટ્રિબ્યુટ ચૂકવણીની તારીખ | ચૂકવણીની શાખા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૭૧૨૬૧૨ | હિરાલાલ ભોગીલાલ શાહ | અમદાવાદ | ૭૯૮૪૨૬૧૯૪૬ | ૨૧-૧૧-૨૦૨૫ | ૨૭-૧૧-૨૦૨૫ | વેજલપુર |
| ૨. | ૭૩૩૧૦૫ | નયનાબેન જાની W/o. જી. જે. જાની | અમદાવાદ | ૯૮૯૮૦૦૯૫૭૮ | ૨૩-૧૧-૨૦૨૫ | ફેમિલી પેન્શનર | |
| ૩. | ૧૭૩૬૨૧૧ | ભાનુમતી પ્રફુલ દવે | કેનેડા | +૧ (૬૪૭)૨૩૯-૪૨૭૮ | ૨૫-૧૧-૨૦૨૫ | -- | Sp.NRI, SG Highway |
| ૪. | ૧૭૨૩૨૯૪ | રૂખસાના મન્સુરીW/o. જાફર સી. મન્સુરી | અમદાવાદ | ૯૩૨૭૭૭૯૨૯૨ | ૨૬-૧૧-૨૦૨૫ | ફેમિલી પેન્શનર | |
| ૫. | ૩૫૩૭૪૧૨ | શંભુ અંબાલાલ વાળંદ | કેલીયા-વાસણા | ૯૬૬૨૩૯૫૦૨૦ | ૦૨-૧૨-૨૦૨૫ | ૦૮-૧૨-૨૦૨૫ | |
| ૬. | ૭૪૦૦૩૯ | પ્રકાશ જે. આચાર્ય | અમદાવાદ | ૯૪૨૬૭૦૦૩૭૫ | ૩૦-૧૧-૨૦૨૫ | ૦૮-૧૨-૨૦૨૫ | |
| ૭. | ૮૨૭૨૪૦૯ | નકુમ ડી. એ. | અમદાવાદ | ૯૯૮૭૫૭૧૦૭ | ૧૮-૮-૨૦૨૫ | ૦૨-૧૨-૨૦૨૫ | |
| ૮. | ૫૧૯૦૪૭૯ | વિનોદભાઈ પી. નંદા | અમદાવાદ | ૯૯૦૯૨૮૬૧૦૬ | ૦૫-૧૨-૨૦૨૫ | ૦૮-૧૨-૨૦૨૫ | |
| ૯. | ૭૩૦૧૨૨ | ભાઈલાલભાઈ જે. સોલંકી | વડોદરા | ૯૬૮૭૨૬૮૪૬૩ | ૦૯-૧૨-૨૦૨૫ | -- | |
| ૧૦. | ૫૧૯૨૮૧૧ | રમેશ એમ. સુદ્રા | વડોદરા | ૯૮૨૪૮૧૫૦૩૬ | ૧૧-૧૨-૨૦૨૫ | ૧૧-૧૨-૨૦૨૫ | |
| ૧૧. | ૧૭૨૦૪૦૬ | સેતાનસિંગ આઈ. ચાવડા | અમદાવાદ | ૮૧૨૮૮૮૬૯૧૨ | ૧૧-૧૨-૨૦૨૫ | ૧૬-૧૨-૨૦૨૫ | |
| ૧૨. | ૧૭૩૮૮૩૬ | હોટચંદ એચ. ગુરબાની | મુંબઈ | ૯૮૯૮૦૦૫૬૭૪ | ૨૨-૧૧-૨૦૨૫ | ૧૫-૧૨-૨૦૨૫ | |
| ૧૩. | ૨૮૮૦૦૫૯ | રાજેન્દ્ર એચ. દવે | જામનગર | ૯૭૧૪૮૧૬૧૬૯ | ૧૧-૧૨-૨૦૨૫ | ૧૨-૧૨-૨૦૨૫ | |
| ૧૪. | ૧૭૨૧૫૩૪ | હર્ષદ એસ. જાદવ | અમદાવાદ | ૯૮૭૯૫૯૨૫૧૩ | ૧૫-૧૨-૨૦૨૫ | ૧૬-૧૨-૨૦૨૫ | |
| ૧૫. | ૩૫૨૧૦૯૫ | નિર્મલાબેન બી. ઝાલા | અમદાવાદ | ૮૪૯૦૦૨૦૬૨૦ | ૨૩-૧૧-૨૦૨૫ | ૧૭-૧૨-૨૦૨૫ | |
